**આજનો સુવિચાર**
મુશ્કેલ સમયમાં સાથ આપવાના બદલે જ્ઞાન આપે, એવા લોકોથી હંમેશા દુર જ રહેવું!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૭૬ જૂનાગઢ તા.૦૮-૦૭-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 176, Junagadh : Date : 08 July, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# મુંબઈ જળબંબાકાર : ૬ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ : જનજીવન ઠપ્પ





મુંબઈ તા. ૮ : દેશની આર્થિક રાજધાની મહાનગર મુંબઈમાં ગતરાત્રીના ભારે વરસાદ પડતા જનજીવન ઠપ્પ થઈ ગયું છે. મુંબઈમાં માત્ર ૬ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ ખાબકતા સમગ્ર શહેર જળબંબાકાર થઈ ગયું છે. અને હવાઈ ટ્રાફીક-ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. મુંબઈ શહેરના મોટાભાગના વિસ્તારોમાં ગોઠણ સમા પાણી ભરાઈ ગયા છે. લોકલ ટ્રેન સેવાને ગંભીર અસર થઈ છે. હાર્બર લાઈન ટ્રેક પર પાણી ભરાઈ ગયા છે. મુંબઈમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

કિંગ્સ સર્કલ પહેલા સાયન, માટુંગા અને ગાંધી માર્કેટના વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. કલ્યાણ-કસારા સેકશનમાં, ખડાવલી અને ટિટવાલા વચ્ચે ભારે ટ્રાફિક જામ જોવા મળી હતી અને લોકલ ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી.આજે સવારે ૧ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધીના ૬ કલાકમાં મુંબઈમાં વિવિધ સ્થળોએ ૧૨ ઈંચ થી વધુ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. લોકલ ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. આજે પણ ભારે વરસાદની સંભાવના છે.

જોકે મુંબઈને અત્યારે કોઈ રાહત મળવાની નથી. હવામાન વિભાગે આ અઠવાડિયે પણ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. મુંબઈમાં ગત આખી રાત ભારે વરસાદ થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે ૮મી જુલાઈએ મુંબઈમાં દિવસ દરમિયાન ભારે વરસાદની આગાહી કરી છે. તે જ સમયે, આજે રાત્રે તોફાન થવાની સંભાવના છે. ભારે વરસાદને કારણે નવી મુંબઈમાં લોકલ ટ્રેનો ૧૫ થી ૨૦ મિનિટ મોડી ચાલી રહી છે. મુંબઈના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે રસ્તાઓ પર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. એટલું જ નહીં રેલ વ્યવહારને પણ અસર થઈ છે. અનેક રૂટ પર ટ્રેનો રોકી દેવામાં આવી હતી. એટલું જ નહીં કેટલાક વિસ્તારોમાં શાળાઓ, કોલેજો અને ઓફિસો પણ બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આજે પણ ભારે વરસાદની સંભાવના છે. આ દરમિયાન BMCએ વરસાદને કારણે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે મુંબઈના સમુદ્રમાં હાઈ ટાઈડનો સમય બપોરે ૧.૫૭ વાગ્યાનો છે. આ સમયગાળા દરમિયાન દરિયામાં ૪.૪ મીટર ઉંચા ના મોજા ઉછળવાની આશંકા છે. જો ત્યાં સુધી આ વરસાદ ચાલુ રહેશે તો મુશ્કેલી વધી શકે છે. મહાનગર મુંબઈમાં ભારે વરસાદને કારણે તંત્રને હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે.

## વડાપ્રધાન મોદી આજથી રશિયાના ત્રણ દિવસના પ્રવાસે



નવી દિલ્હી તા.૮
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી રશિયા અને ઓસ્ટ્રીયાના ત્રણ દિવસના વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે. મોદીએ રશિયામાં રાષ્ટ્રપતિ પુતિન સાથે સંરક્ષણ, ઉર્જા, વ્યાપાર સહિતના મુદ્દાઓ પર વાતચીત કરશે. મોસ્કોની મુલાકાત બાદ તેઓ ઓસ્ટ્રીયા રવાના થશે. વડાપ્રધાન મોદીના રશિયા પ્રવાસનું વર્તમાન સંજોગોમાં ખુબ જ રાજદ્વારી મહત્વ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## ત્રિપુરામાં એઈડ્સનો ભયાનક ભરડો : ૪૭ વિદ્યાર્થીઓના મોતથી હાહાકાર

અગરતલા, તા.૬
ત્રિપુરા એઈડ્સના ભયંકર ભરડામાં સપડાયું છે અને ૪૭ વિદ્યાર્થીઓના એઈડ્સથી મોત થતાં ખળભળાટ મચી ગયો છે. રાજ્યમાં શાળા-કોલેજોમાં ૮૨૮ વિદ્યાર્થીઓ આ રોગમાં સપડાવા સાથે રોજ નવા પાંચથી સાત કેસ નોંધાઈ રહ્યા છે. ત્રિપુરા એઈડ્સ કંટ્રોલ સોસાયટીએ ૨૨૦ શાળાઓ અને ૨૪ કોલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓની તપાસ કરી હતી, જેઓ ડ્રગ્સનું ઈન્જેક્શન લેતા હતા. ત્રિપુરામાં સક્રિય કેસની કુલ સંખ્યા પર અધિકારીએ જણાવ્યું હતું કે,'મે ૨૦૨૪ સુધીમાં ૮,૭૨૯ લોકોની નોંધણી કરી છે.

## આજે સુપ્રિમ કોર્ટમાં NEET-UGની ૩૮ અરજીઓ પર સુનાવણી : ૨૪ લાખ વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી થશે

નવી દિલ્હી તા.૮
NEET UG પરીક્ષામાં ગેરરીતિની ફરિયાદો પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ રહી છે. સુપ્રિમ કોર્ટમાં કુલ ૩૮ અરજીઓ પર સુનાવણી થશે. તેમાંથી ૩૪ અરજીઓ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કોચિંગ સંસ્થાઓ દ્વારા દાખલ કરવામાં આવી છે, જ્યારે ૪ અરજીઓ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા દાખલ કરવામાં આવી છે. આ અરજીઓની સુનાવણી ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ મનોજ મિશ્રા અને જસ્ટિસ જેબી પારડીવાલાની ડિવિઝન બેંચ કરી રહી છે.


આજે સુપ્રીમ કોર્ટમાં NEET સંબંધિત અરજીઓ આઈટમ નંબર ૩૧ હેઠળ સૂચિબદ્ધ છે. આજે કોર્ટ સમગ્ર પરીક્ષા રદ કરીને ફરીથી આયોજિત કરવાની માગણી કરતી અરજી પર પણ સુનાવણી કરી રહી છે.

## કચ્છના સમુદ્ર કિનારેથી વધુ રૂા.પાંચ કરોડનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો



ભુજ તા.૮
આધારભુત સુત્રોમાંથી જણાવ્યા મુજબ, કચ્છના સમુદ્ર કિનારેથી વધુ રૂા.૫ કરોડના ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. બોર્ડર સીકયોરીટી ફોર્સ અને નાર્કોટીકસ બ્યુરોએ જખૌ બંદર નજીકથી ડ્રગ્સના ૯ પેકેટ બીનવારસી ઝડપી લીધા છે. છેલ્લા એક મહિનામાં બીએસએફ દ્વારા રૂા.૯૦ કરોડથી વધુની કિંમતના ૧૮૧ પેકેટ ઝડપી લેવામાં આવ્યા છે.

## કોચિંગ સીટી કોટામાં ૬ મહિનામાં ૧૪ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો




કોટા તા.૦૮
રાજસ્થાનના કોટામાં ચાલુ વર્ષની શરૂઆતના ૬ મહિનામાં ૧૪ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે.

દુનિયાના સૌથી યુવા દેશ ભારતમાં આ સ્થિતિ ખરેખર ચિંતાજનક છે. દેશમાં NEET વિવાદ ચરમ પર છે. વિદ્યાર્થીઓ વારંવાર થતા પેપર લીક અને NEETમાં થયેલા ધાંધિયાઓથી ત્રાહિમામ પોકારી ગયા છે. સરકાર પેપર લીક માફિયાઓના મૂળ સુધી પહોંચાડવાના પ્રયાસમાં છે, તો વિપક્ષ સરકારને આક્રમક રીતે ઘેરી રહ્યું છે. એક પછી એક પરીક્ષામાં વિવાદ થઈ રહ્યા છે અને વિદ્યાર્થીઓ હતાશ, નિરાશ થઈને આ તમાશો જોઈ રહ્યા છે.

## ફ્રાન્સમાં સામાન્ય ચૂંટણી બાદ વ્યાપક હિંસા ફાટી નીકળી ડાબેરી પક્ષોને સફળતા : કટ્ટરવાદી જમણેરી પક્ષ ત્રીજા સ્થાને



પેરિસ તા.૮ :
ફ્રાન્સ સંસદીય ચૂંટણીના પરિણામો બાદ ઘણી જગ્યાએ તોફાનો ફાટી નીકળ્યા છે. આ ચૂંટણીમાં ડાબેરી પક્ષોના ગઠબંધનને સૌથી વધુ બેઠકો મળી છે. તે જ સમયે, પ્રથમ રાઉન્ડમાં ચૂંટણી જીતનાર દક્ષિણપંથી જૂથ ત્રીજા સ્થાને સરકી ગયું છે. જો કે, અહીં કોઈ જૂથને બહુમતી મળી નથી, જેના કારણે ફ્રાન્સમાં અનિશ્ચિતતાની સ્થિતિ સર્જાઈ છે જે અગાઉ ક્યારેય જોવા મળી નથી.

રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનું કેન્દ્રવાદી ગઠબંધન બીજા સ્થાને અને જમણેરી ગઠબંધન ત્રીજા સ્થાને આવ્યું. ચૂંટણીમાં ત્રણ મુખ્ય રાજકીય જૂથો ઉભરી આવ્યા છે - છતાં તેમાંથી કોઈ પણ ૫૭૭ બેઠકો ધરાવતી નેશનલ એસેમ્બલી, નીચલા ગૃહમાં બહુમતી માટે જરૂરી ૨૮૯ બેઠકોની નજીક પહોંચી શક્યું નથી. અહીં સૌથી મોટા જૂથ તરીકે ઉભરી રહેલા ડાબેરી ગઠબંધનને ૧૮૨ બેઠકો મળી છે. જયારે મેક્રોનના ગઠબંધનને ૧૬૮ બેઠકો મળી હતી, જયારે જમણેરી પાર્ટી અને તેના સહયોગીઓને ૧૪૩ બેઠકો મળી છે.

## આયુષ્માન ભારત યોજનામાં વ્યાપક ફેરફારોની તૈયારી : વિમા કવચ રૂા.પાંચ લાખને બદલે રૂા.૧૦ લાખ કરવા વિચારણા

નવી દિલ્હી,તા. ૮:
વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં NDA સરકાર આ મહિને સંપૂર્ણ બજેટ (કેન્દ્રીય બજેટ ૨૦૨૪) રજૂ કરવા જઈ રહી છે. આ વખતે દેશમાં ગઠબંધન સરકાર બની છે, તેથી લોકો તેની પાસેથી લોકશાહીની અપેક્ષા રાખે છે. એવી અપેક્ષા છે કે સરકાર આ બજેટમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અને આયુષ્માન ભારત યોજનાને લઈને કેટલીક મોટી જાહેરાતો કરી શકે છે. રિપોર્ટ અનુસાર, કેન્દ્ર આયુષ્માન ભારત યોજના હેઠળ કવરેજ મર્યાદા પાંચ લાખ રૂપિયાથી વધારીને રૂા.૧૦ લાખ કરવા વિચારી રહી છે.

**ગુજરાતમાં એકમાત્ર ગેરેંટીથી તમારા ડોકયુમેન્ટ ઉપરનું લેમીનેશન ખુલી શકે છે**
જય ઝેરોક્ષ & લેમીનેશન
પંચનાથ મંદિર પાસે, લીમડા ચોકથી નજીક, કચ્છ ખાવડાવાળાની સામે, રાજકોટ.
94272 54342 / M. 92657 45271
Sale

**પ્લોટ વેચવાના છે**
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

**દુકાન બંધ કરવા સબબ**
ખરીદી કરવા જરૂર પધારો
નહીંતર અફસોસ....
કેન્દ્રીય વિદ્યાલય (K.V.S.) કનેરીયા
કોન્વેન્ટ, માનસ વિદ્યાલય, આલ્ફા,
નોબલ વગેરેનાં સ્કુલ ડ્રેસ
તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
**બોમ્બે બજાર**
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

**ડૉ. દિપેન જે. સુબા**
(M.P.T., MIAP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED)
Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેકટીસમાં કાર્યરત
આદિત્ય કલીનીક





ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુઃખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુઃખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફલોર, પોલીસ લાઈન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



Tunwal
Tunwal E-Vehicle
Ride Along with us To The Future!
Tunwal E-Motors Private Limited




સ્ટુડન્ટને રૂા. ૧૨૦૦૦/- રાજય સરકાર તરફથી સબસીડી મળવાપાત્ર
SHREEJI E-BIKE
Applewood Township, Cristal-B, Opp. Anjani Petrol Pump, Vanthali Road, Junagadh. Mo. 99746 20698, 98241 89639

PRAMUKH ebike
All Electric Bike Sales and Service
NIJ



સામાન્ય મધ્યમવર્ગ તેમજ ખેડુતો, ડિલીવરીમેન, ધંધાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક...
વિશેષતાઓ :-
સરળ હપ્તાની લોન પર આજે જ વસાવો અને તમારી સવારીને ઈકોફ્રેન્ડલી બનાવો
• નોર્મલ પ્લગમાં ચાર્જીંગ કરી શકો.
• ડીઝીટલ ડીસ્પ્લે.
• ટ્યુબલેસ ટાયર
• હેવી ડયુટી ચોઈસ
• સ્ટાઈલીસ ટ્રેન્ડી લુક
• સરળ કી-લેસ ઓપરેટીંગ
• ડયુઅલ હાઈડ્રોલીક સસ્પેન્શન
• સેન્ટ્રલ લોક સીસ્ટમ
• એન્ટી થેફટ સાયરન ઉપલબ્ધ
• ક્રુઝ કન્ટ્રોલ
• રીવર્સ મોડ
• યુ.એસ.બી. મોડ
• વિશાળ લેગ રૂમ
Shop No. 3, 4, 5, 14, Cristal Complex, Applewood Society, Opp. Anjali Petrol Pump, Vanthali Road, Madhuram, Junagadh-362 001.
Office: +91 83202 08903, +91 90890 90490 | E-mail : pramukhebike@yahoo.com

# વેરાવળ લોહાણા હોસ્પીટલના સાર્વજનીક ટ્રસ્ટમાં બની બેઠેલા ટ્રસ્ટીઓએ કરોડોના ગોટાળા કર્યાના ગંભીર આક્ષેપો

**સામાજીક આગેવાનએ આધાર પુરાવા સાથે ચેરીટી કમિશ્નર, જીલ્લા કલેકટર અને પોલીસવડાને લેખીત ફરીયાદ કરતા ખળભળાટ : બની બેઠેલા ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મિલ્કતોમાં દુકાનો બનાવી ભાડાચિઠ્ઠીઓ બનાવીને લાખો રૂપિયાની રકમનો ગેરવહીવટ કર્યાના ગંભીર આક્ષેપો : ટ્રસ્ટના પીટીઆરમાં કાયદેસરની નિયુકતી થઈ નથી તેવા ટ્રસ્ટીઓએ કરોડોના ગોટાળા કર્યાનો અરજીમાં ગંભીર આક્ષેપ**



(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૮

વેરાવળમાં વર્ષો સુધી લોકોને આરોગ્યની સેવા પુરી પાડેલ અને હાલ બંધ થઈ ગયેલ હોસ્પીટલની સંસ્થા વેરાવળ મીઠીબાઈ લોહાણા હોસ્પીટલ સાર્વજનિક ટ્રસ્ટમાં બની બેઠેલા ટ્રસ્ટીઓએ ગેરકાયદેસર વહીવટ કરીને આર્થીક ગોટાળા કર્યા હોવાના આધાર પુરાવા સાથેની સનસનીખેજ લેખીત ફરીયાદ સામાજીક આગેવાન દ્વારા ચેરીટી કમિશ્નર, જીલ્લા કલેકટર અને પોલીસવડાને કરી છે. જેના પગલે સંબંધિત વિભાગોએ ટ્રસ્ટ સામે થયેલા આક્ષેપો ગંભીર હોવાથી તપાસ હાથ ધરતા કૌભાંડીઓ માં ભાગદોડ મચી જવા પામી છે. વેરાવળના સામાજીક આગેવાન અને પૂર્વે લોહાણા મહાજન ઉપપ્રમુખ રાકેશભાઈ દેવાણી દ્વારા કરાયેલ લેખીત ફરીયાદમાં જણાવેલ કે, ચાર દાયકા અગાઉ વડીલો દ્વારા લોકોને પુરતી આરોગ્ય સેવાઓ સરળતાથી ઓછા ખર્ચે મળી રહે તે માટે શહેરની મધ્યમાં મીઠીબાઈ લોહાણા હોસ્પીટલ સાર્વજનીક ટ્રસ્ટની રચના કરી મોટી હોસ્પીટલ બનાવી હતી. આ ટ્રસ્ટને અનેક દાતાઓએ આરોગ્ય સેવા હેતુસર લાખો રૂપિયાનું દાન આપેલ હોવાથી વર્ષો સુધી હોસ્પીટલનો વ્યાપક રીતે લોકોને લાભ મળ્યો હતો. પરંતુ દોઢેલ દાયકા અગાઉ અનેક કારણોસર હોસ્પીટલ બંધ થઈ ગયેલ જેની ખોટ આજે પણ શહેરીજનોને વર્તાઈ રહી છે. જો કે, હોસ્પીટલ બંધ થઈ ગયા પછી પણ ટ્રસ્ટની કરોડોની મિલ્કતોને લઈ બની બેઠેલા ટ્રસ્ટીઓએ ગેરવહીવટ ચાલુ કર્યો હતો. જેમાં હોસ્પીટલના જર્જરીત બીલ્ડીંગને તોડી નખાવી તેના ઈમલામાંથી કેટલી રકમની આવક થઈ તેના કોઈ હિસાબો મળતા નથી. આ ઉપરાંત શહેરની મુખ્ય સટ્ટાબજારમાં આ ટ્રસ્ટની આવેલ વિશાળ જગ્યામાં વર્ષોથી દેના બેંક ભાડેથી ચાલતી હતી. જેને ખાલી કરાવીને ત્યાં આઠેક નવી દુકાનો બનાવીને ભાડા ચીઠ્ઠીથી લાખો રૂપિયા લઈને હાલના બની બેઠેલા ટ્રસ્ટીઓએ ભાડેથી આપી દીધી છે. બાદમાં આ લાખોની ઉપજેલ રકમમાંથી સોમનાથ બાયપાસ હાઈવે ઉપર મોટી ખેતીની જમીન ખરીદી કરી બિનખેતી કરાવી હતી. વર્ષો સુધી આ જમીનને લઈ કોઈ આયોજન કરેલ નહીં દરમ્યાન થોડા સમયથી સોમનાથ બાયપાસ ઉપર જમીનના ભાવોમાં તેજી આવી હોવાથી ટ્રસ્ટની જમીનના કરોડો રૂપિયા થઈ જતા આ જમીન પણ બની બેઠેલા ટ્રસ્ટીઓએ કરોડોમાં વેંચી નાંખી છે. આ રકમમાંથી બીજી જમીન ખરીદ કરવામાં આવેલ જેના સાટા કરારખત થયેલ છે. આ જમીન ખરીદયા પછી પણ કરોડો રૂપિયાની બચત થયેલ છે. જે રકમ કયા છે ? કોની પાસે છે ? કઈ બેંકમાં છે? તે અંગે ટ્રસ્ટીઓ કંઈ જણાવતા નથી. અત્યંત ચોંકાવનારી બાબત તો એ છે કે ટ્રસ્ટ ના પી.ટી.આર માં જેઓ ની ટ્રસ્ટી તરીકે કાયદેસરની નિયુક્તિ નથી એવા બની બેઠેલા ટ્રસ્ટી ઓ એ મસમોટું કૌભાંડ આચર્યુ છે. ટ્રસ્ટની દુકાનોની ભાડાચીઠી સહિત મિલ્કતોમાં થયેલ તમામ વ્યવહારોમાં સાટાકરારમાં ટ્રસ્ટી તરીકે હરેશભાઈ કકકડે સહીઓ કરેલ તેમજ બીજા બની બેઠેલા ટ્રસ્ટી જનકભાઈ સોમૈયાએ સાક્ષી તરીકે સહીઓ કરેલ છે. આવા બે નંબરના કરોડો રૂપિયાનો વહીવટ આવા બની બેઠેલા ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવેલ હોય જેની ગંભીરતાપુર્વક તપાસ સરકાર દ્વારા થવી જોઈએ. આમાં બની બેઠેલા ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મિલ્કત ગેરકાયદેસર રીતે વેંચાણ કરી કરોડો રૂપિયાની રકમ કયા છુપાવેલ છે તે જણાતુ નથી. ત્યારે આવા ટ્રસ્ટીઓ સામે ફોજદારી તથા દીવાની રાહે પગલા ભરવા જોઈએ તેવી માંગણી છે અને જરૂર જણાય તો આ બાબતે સી.બી.આઈ. તેમજ એન્ટી કરપ્શન ખાતા મારફત તપાસ કરાવી જોઈએ તેવી માંગ છે. આ એક સાર્વજનીક ટ્રસ્ટ હોય તેનો લાભ પહેલા તમામ વર્ગના લોકોને મળતો હતો. આ ટ્રસ્ટનો હેતુ મુખ્ય હેતુ જ મિલ્કતમાંથી ઉપજ થતી રકમ ફકત આરોગ્ય સેવા પાછળ જ વાપરવાનો હતો. ભુતકાળમાં આ ટ્રસ્ટમાં દાતાઓએ મોટી રકમ લોકોની આરોગ્ય સેવા માટે દાનમાં આપેલી હતી. તેના બદલે આ



ટ્રસ્ટના બની બેઠેલા ટ્રસ્ટીઓ ટ્રસ્ટની રકમનો તથા મિલ્કતનો ધંધો-વેપાર પોતાના હીત માટે જ કરતા હોય તેવુ જણાય છે. ત્યારે ટ્રસ્ટના વહીવટની પુરેપુરી ઉંડાણપુર્વક તટસ્થ તપાસ થાય અને જરૂર જણાય તો ગેરવહીવટ કરનાર જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી થાય તેવી લાગણી અને માંગણી હોવાનું અંતમાં જણાવેલ છે. આ મામલે જીલ્લા ચેરીટી અધિકારી નાયરના જણાવ્યા મુજબ આ ટ્રસ્ટમાં ગેરવહીવટ થયા અંગે ફરીયાદ મળી હોય જેની તપાસ શરૂ કરવામાં આવી છે અને હાલ ટ્રસ્ટના પીટીઆરમાં નોંધાયેલા ટ્રસ્ટીઓને નોટીસો મોકલીને ખુલાસા માંગીશુ જે જવાબોના આધારે આગળ તપાસ થશે. આમાં કોઈ ગેરરીતિઓ થઈ હોવાનું જણાશે તો નિયમોનુસાર કાર્યવાહી થશે.

# ભારતીય સૈન્ય દળ(NDA)ની પરીક્ષામાં આઠમું સ્થાન મેળવી ઝાલાવાડનું પ્રેરણારૂપ ગૌરવ વધારતા માધવેન્દ્રસિંહ જાડેજા

**"આયોજનબદ્ધ તૈયારી-સમયબદ્ધ પરિપૂર્ણ મહેનત કરવામાં આવે તો, ફલશ્રુતિ રૂપ લક્ષ્ય ચોક્કસ હાંસલ કરી શકાય છે." : માધવેન્દ્રસિંહ જાડેજા : માધવેન્દ્રસિંહ જાડેજા હાલ ખડકવાસલા ખાતે નેશનલ ડિફેન્સ એકેડેમી(NDA)માં લઈ રહ્યા છે ટ્રેનિંગ**



(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૮

"આયોજનબદ્ધ તૈયારી-સમયબદ્ધ પરિપૂર્ણ મહેનત કરવામાં આવે તો લક્ષ્ય ફલશ્રુતિ રૂપ ચોક્કસ હાંસલ કરી શકાય છે." તેમ તાજેતરમાં જ ભારતીય સૈન્ય દળોમાં અધિકારી કક્ષાએ ભરતી થવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં માધવેન્દ્રસિંહ જાડેજાએ સમગ્ર ભારતમાં આઠમાં ક્રમાંકે ઉતીર્ણ થઈને ગુજરાતની સાથે-સાથે આર્મી, નેવી, એરફોર્સમાં જોડાવા માંગતા તમામ યુવાઓ માટે પ્રેરણારૂપ ગૌરવ વધાર્યુ છે. ગુજરાતની સાથે સમગ્ર ઝાલાવાડ માટે એક ગૌરવવંતા સમાચાર છે. તાજેતરમાં જ ભારતીય સૈન્ય દળની પરીક્ષામાં સુરેન્દ્રનગરના માધવેન્દ્રસિંહ જાડેજાએ ઝાલાવાડનો ડંકો વગાડી દીધો છે. ભારતીય સૈન્ય દળોમાં અધિકારી કક્ષાએ ભરતી થવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં માધવેન્દ્રસિંહ જાડેજાએ સમગ્ર ભારતમાં આઠમાં ક્રમાંકે ઉતીર્ણ થઈને ગુજરાતની સાથે-સાથે ઝાલાવાડનું ગૌરવ વધાર્યુ છે. સામાન્ય રીતે જોઈએ તો, ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ ઈન્ડિયન આર્મીમાં ઓછું રહ્યું છે. ત્યારે મૂળ સુરેન્દ્રનગરનાં વતની એવા ૧૭ વર્ષીય યુવક શ્રી માધવેન્દ્રસિંહ કવિન્દ્રસિંહ જાડેજાએ ધો.૧૨ પછી લેવાતી નેશનલ ડિફેન્સ એકેડેમી(NDA)ની પરીક્ષામાં ઉતિર્ણ થઈ પરિવારની સાથે દેશનું નામ પણ ગૌરવભેર રોશન કર્યુ છે. માધવેન્દ્રસિંહ જાડેજાનાં પિતા કવિન્દ્રસિંહ જાડેજા હાલ અમરેલી જિલ્લામાં એડિશનલ કલેકટર તરીકે ફરજ બજાવે છે. તેઓ સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે, માધવેન્દ્રસિંહ પહેલેથી જ આર્મીમાં જોડાવા ઈચ્છતા હતા. માધવેન્દ્રસિંહના શૈક્ષણિક અભ્યાસની વાત કરતાં વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, ધો.૦૬ અને ૭નો અભ્યાસ બાલાચડી સૈનિક સ્કુલમાં કર્યો હતો. ત્યારબાદ સરંક્ષણ મંત્રાલય અંતર્ગત આવતી દેહરાદુનની 'રાષ્ટ્રીય ઈન્ડિયન મિલેટરી કોલેજ-RIMC'માં અભ્યાસ માટે લેવામાં આવતી 'પ્રવેશ પરીક્ષા' પાસ કરી ધો.૦૮ થી ૧૨નો સુધીનો અભ્યાસક્રમ ત્યાં પૂર્ણ કર્યો. બાદમાં ભારતીય સૈન્ય દળોમાં અધિકારી કક્ષાએ 'પરમેનન્ટ કમિશન'થી ભરતી થવા માટે યુનિયન પબ્લિક સર્વિસ-UPSC દ્વારા લેવાતી NDAની પરીક્ષામાં વર્ષ ૨૦૨૩માં ફોર્મ ભર્યુ હતું. જેમાં તમામ પરીક્ષાઓ અને ઈન્ટરવ્યુ પાસ કરીને હાલ જુન- ૨૦૨૪માં જોઈનીંગ ઓર્ડર મેળવી NDAમાં હાજર થયા છે. હાલ તેઓ ખડગવાસલા ખાતે નેશનલ ડિફેન્સ એકેડેમી(NDA)ની ટ્રેનિંગ લઈ રહ્યા છે. ટ્રેનિંગ પૂર્ણ થયા બાદ તેઓ 'લેફ્ટનન્ટ' તરીકે ભારતીય સૈન્યમાં જોડાશે. ઉલ્લેખનીય છે કે, કઠીન પરીક્ષાઓમાંની એક એવી આ પરીક્ષા 'સર્વિસ સિલેકશન બોર્ડ'ની મદદથી આર્મી, નેવી અને એરફોર્સ માટે વર્ષમાં બે વાર લેવામાં આવે છે. ધો. ૧૨ પછી તરત જ આ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને ટ્રેનિંગની સાથે સાથે નક્કી કરેલ ફિલ્ડ મુજબ(P.C.M. - ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ)ના વિષયો સાથે ગ્રેજ્યુએશનનો અભ્યાસ પણ કરાવવામાં આવે છે. લેખિતમાં પરીક્ષામાં ઉતિર્ણ થયા બાદ ઉમેદવારોએ ઈન્ટરવ્યુ પાસ કરવાનું હોય છે.

**પાંચ દિવસ લેવામાં આવતા સૌથી અઘરા ઈન્ટરવ્યું**

નેશનલ ડીફેન્સ એકેડમી અને નેવલ એકેડેમી દ્વારા દર વર્ષે પરમેનન્ટ કમિશન માટે ધો.૧૨નો અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવા ૧૬.૫ વર્ષથી ૧૯ વર્ષનાં યુવાઓ પાસેથી અરજી મંગાવવામાં આવે છે. ગ્રેજ્યુએટ યુવાઓ પણ આ પરીક્ષા પાસ કરી શકે છે. NDAની પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવે છે.૧) લેખિત પરીક્ષા - ૯૦૦ માર્કસ અને સર્વિસ સિલેકશન બોર્ડ (એસ.એસ.બી.) ઈન્ટરવ્યુ - ૯૦૦ માર્કસ. લેખિત પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોના બે સ્ટેજમાં ઈન્ટરવ્યુ લેવામાં આવે છે. જેમાં પ્રાથમિક સ્ક્રીનિંગ થયા બાદ ૯૦૦ માર્ક્સની સઘન ટેસ્ટ અને ઈન્ટરવ્યુ યોજાય છે. જેમાં ગ્રુપ, સાયકોલોજીકલ, મેન્ટલ, ફિઝિકલ, આઈક્યુ, ઈક્યુ, ઈનિશિયેટીવ, ઈએક્શન, લીડરશિપ વગેરેને લઈને જુદી-જુદી ટેસ્ટ યોજવામાં આવે છે. આ સાથે પર્સનલ- ગ્રુપ ઈન્ટરવ્યુ પણ થાય છે. આમ, લેખિત પરીક્ષા, કઠીન ઈન્ટરવ્યુ, શારીરિક કસોટીઓ, મેડીકલ ચેકઅપ સહિતની જરૂરી તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ નક્કી કરેલી સીટ મુજબ ઉમેદવારની પસંદગી કરવામાં આવે છે. જેમાં ગુજરાતના માધવેન્દ્રસિંહે સમગ્ર ભારતમાં આઠમું સ્થાન મેળવ્યું છે.

**યુવાઓ માટે પ્રેરણારૂપ**

કહેવાય છે કે, 'સિધ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય'. નાનપણથી જ આર્મીમાં જોડાવાનું સપનું સેવ્યું, અને તેને પરિપૂર્ણ કરવા માટે પ્રાથમિક અભ્યાસની સાથે જ આર્મીની પરીક્ષાઓ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. સખત મહેનતની ફલશ્રુતિ રૂપ માધવેન્દ્રસિંહ આ સિદ્ધિ હાંસલ કરનારા ઝાલાવાડના પ્રથમ યુવાન બન્યા છે. આર્મી, નેવી, એરફોર્સમાં જોડાવા માંગતા તમામ યુવાઓ માટે પ્રેરણારૂપ માધવેન્દ્રસિંહનું માનવું છે કે, "આયોજનબદ્ધ તૈયારી અને લક્ષ્ય સિદ્ધ કરવા માટે પરિપૂર્ણ મહેનત કરવામાં આવે તો લક્ષ્ય સુધી ચોક્કસ પહોંચી શકાય છે."

# રિજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા વર્લ્ડ પેપર બેગ ડે નિમિતે આયોજિત ઈકો ફ્રેન્ડલી પેપર બેગનું પ્રદર્શન' માં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ તથા લોકોને અપીલ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૮



રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ, 'લોકો માટે, લોકો દ્વારા' થીમ આધારે વિવિધ વૈજ્ઞાનિક દિવસો, વિજ્ઞાનીઓના જન્મદિવસો, શોધો અને વર્કશોપ્સ વગેરે આયોજિત કરે છે. આગામી ૧૨ જુલાઈ એટલે 'વર્લ્ડ પેપર બેગ ડે' નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા એક ખાસ 'ઈકો ફ્રેન્ડલી પેપર બેગનું પ્રદર્શન' નું આયોજન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પ્રદર્શનમાં જાહેર જનતા તથા શાળા, કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે અને પોતે જાતે ડીઝાઈન કરેલ પેપર બેગ્સ પ્રદર્શિત કરી શકે છે. વર્લ્ડ પેપર બેગ દિવસ ઉજવવનો મુખ્ય હેતુ પ્લાસ્ટિકની થેલીઓ કરતાં પેપર બેગના પર્યાવરણને અનુકૂળ ફાયદાઓ અને પ્લાસ્ટિકની બેગથી પર્યાવરણ પર થતી હાનિકારક અસરો અંગે જનજાગૃતિ વધારવાનો છે. કાગળની થેલીઓ ઈકોફ્રેન્ડલી અને ફરીથી વાપરી શકાય તેવી હોય છે. કાગળની થેલીઓનો સરળતાથી રીસાઈકલ કરી શકાય છે અને તે બાયો-ડીગ્રેડેબલ છે. પ્લાસ્ટિકની થેલીઓ કરતા કાગળની થેલીઓ પર્યાવરણ માટે હાનીકારક નથી, કારણ કે તેનાથી પ્રદુષણ ફેલાતું નથી. કાગળની થેલીઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને પર્યાવરણને બચાવવાના ઉદ્દેશ્ય સાથે રિજિયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા 'ઈકો ફ્રેન્ડલી પેપર બેગનું પ્રદર્શન' આયોજિત કરવામાં આવેલ છે, જેમાં કોઈપણ લોકો કે શાળા કોલેજના વિદ્યાર્થીઓ પોતાની સર્જનાત્મકતાથી વેસ્ટ વસ્તુઓમાંથી બનાવેલ ઈકોફ્રેન્ડલી પેપર બેગ પ્રદર્શિત કરી શકે છે. આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઈચ્છુક કોઈપણ વ્યક્તિએ પોતાની પેપર બેગ ડીઝાઈન ઘરેથી બનાવીને સેન્ટર ખાતે પ્રદર્શનમાં રાખવાની રહેશે. આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. રજીસ્ટ્રેશનની લીંક https://bit.ly/RSCReg છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૧ જુલાઈ ૨૦૨૪ છે અને પ્રદર્શન તારીખ ૧૨ જુલાઈ ૨૦૨૪ તથા સમય સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ પ્રદર્શનમાં ભાગ લેનાર દરેક વ્યક્તિને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે કોઈ નિયત ફી રાખેલ નથી. ભાગ લેનારાઓ અને મુલાકાતીઓએ ફક્ત્ સેન્ટરની એન્ટ્રી / પાર્કિંગ ટીકીટ લેવાની રહે છે. જે તે દિવસના નિયત કરાયેલ ટીકીટ દરો લાગુ રહેશે. વધું માહિતી માટે ૦૨૮૧-૨૯૯૨૦૨૫ ઉપર સંપર્ક કરી શકાય છે.

# સોમનાથમાં કાલથી ગુંજશે શરણાઈ અને ઢબુકશે ઢોલ

(પ્રતિનિધી દ્વારા) પ્રભાસપાટણ તા.૮

વિક્રમના આ વરસનાં લગ્નનાં શુભ મુહુર્તો જુલાઈ માસમાં અને તે પણ છેલ્લા જ હોય છ દિવસો સોમનાથ પંથક લગ્નની શરણાઈઓ અને ઢોલથી ઢબૂકી ઉઠશે - શુભ મુહુર્તો - જુલાઈ ૨૦૨૪ તારીખો ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ ત્યારબાદ ૧૭ જુલાઈથી ચાર્તુમાસ દેવશયની પ્રારંભ થતો હોઈ હવે પછી દેવદિવાળી બાદ નવા વરસમાં લગ્નનાં મુહુર્તોમાં લગ્નો યોજાશે. સોમનાથ ટ્રસ્ટની ચિંતમુક્ત લગ્ન યોજનાને સારો આવકાર મળ્યો છે. છેક વેરાવળ જ નહીં પણ આસપાસનાં ગામોનાં લોકો પણ આ યોજના હેઠળ લગ્ન માટે સોમનાથ પસંદ કરે છે. આર્થિક રીતે પરવડે છે. પ્રવિત્ર વિધી, સન્માનજનક સારો લગ્નહોલ અને અન્ય સુવિધાઓ માત્ર ૧૧,૦૦૦ માં. શુશોભિત લગ્નહોલ,રાજાખુરશી, દ્વારા તોરણ, લગ્નછાબ, ૫૦ નંગ ફોટોગ્રાફસ - ડેટા સીડી, વરકન્યા માટે ફૂલહાર, નિયત મીઠાઈ - લગ્નવિધી માત્રબે કલાકમાં જ સોમનાથજીની પ્રસાદી - ભૂદેવ વ્યવસ્થા - વરકન્યા સહિત ૧૦૦ મહેમાનોની વ્યવસ્થા લગ્નપ્રસંગ ઉપસ્થિતી માટે.

# અષાઢી બીજ નિમિત્તે જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા વૃક્ષારોપણ સહિત જરૂરિયાતમંદ લોકોને અનાજ કરિયાણાની કીટનું કરાયેલું વિતરણ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૮

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીરભાઈ દતાણી તથા સંજયભાઈ બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, થોડા સમય પહેલા જ ઉનાળાની અંદર આપણને સૌને ખૂબ જ તડકામાં ગરમીનો સામનો કરવો પડ્યો હતો. આવી પરિસ્થિતિમાં આપણા ઘરની આજુબાજુમાં જો વૃક્ષ હોય તો આપણને એમા ઘણી રાહત થાય એવો અહેસાસ મહેસુસ થયો હતો. લોકોની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખીને ગિરનારી ગ્રુપે જૂનાગઢ શહેરમાં જુદી જુદી જગ્યાએ વૃક્ષારોપણ કરવાનું નક્કી કરેલું જેમાં અષાઢી બીજના શુભ દિવસે આ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરીને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ વૃક્ષારોપણની શરૂઆત ઝાંઝરડા ચોકડી આવેલ જલારામ ભક્તિ ધામ, શ્રીનાથનગર, રુદ્ર હનુમાનજી મંદિરના પરિસર સહિત અન્ય જગ્યાઓ મળી ૧૮ વૃક્ષોના છોડની વાવણી કરવામાં આવેલ હતી. અને ત્રેવીસ છોળના રોપાઓનું લોકોને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. અને હજી એક વીક સુધી આ વૃક્ષારોપણ કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે. અને જે લોકોને પોતાના ઘરની આજુ બાજુમાં વૃક્ષારોપણ કરવું હોય તો ગિરનારી ગ્રુપ દ્વારા વૃક્ષોના છોડ તથા તેને ફરકે લોખંડની આડસ કરવા માટેની જારી પણ વિનામૂલ્યે આપવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. આ પ્રસંગે આસ્થા હોસ્પિટલના ડો.ચિંતન યાદવે ઉપસ્થિત લોકોને પર્યાવરણનું જતન કરવા અંગેનું માર્ગદર્શન પૂરું પાડેલ હતું. આ કાર્યક્રમમાં આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ, પ્રો. પી. બી. ઉનડકટ, ડો. પ્રતીક ટાંક (ઓર્થોપેડિક સર્જન), બાબા મિત્ર મંડળના ઉપપ્રમુખ જગદીશભાઈ દતાણી, મુકેશભાઈ કારીયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે દર માસે ગિરનારી ગ્રુપ દ્વારા એક સર્વે કરવામાં આવે છે. જેમાં અતી જરૂરિયાતમંદ વ્યક્તિઓને અનાજ કરિયાણીની કીટ આપવામાં આવે છે. એમનું પણ આજના શુભ દિવસે વિતરણ કરવામાં આવેલ હતું. અને ગિરનારી ગ્રુપના સહયોગથી આજના શુભ દિવસે બે રક્તદાન કેમ્પનું પણ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ હતું. કેમ્પમાં જે લોકોએ પોતાનું રક્તદાન કરેલ હતું એ તમામ રક્તદાતાઓને ગિરનારી ગ્રુપ દ્વારા ગીફ્ટ અર્પણ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના સભ્યઓ સમીરભાઈ દવે, સમીરભાઈ ઉનડકટ, દિનેશભાઈ રામાણી, પરાગભાઈ ભુપ્તા, શ્લોક ભુપ્તા, સુધીરભાઈ રાજા, ભાર્ગવભાઈ દેવમુરારી, બીપીનભાઈ ચુડાસમા, પરેશભાઈ પંડ્યા, નરસિંહભાઈ ભલાણી, કીરીટભાઈ તન્ના સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# વેરાવળમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા ૧૨ લોકોને અઢી લાખની રકમ પોલીસે પરત અપાવી

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ, તા.૮

હાલના સમયમાં ભણેલા ગણેલા લોકોને અવનવી સ્કીમો તેમજ લોભામણી લાલચોમાં આવીને ઓટીપી, પાસવર્ડ જેવી ગુપ્ત માહિતીઓ શેર કરી દેતા હોવાથી સાયબર ફ્રોડનો શિકાર બને છે. આવા બનાવો મોટા પ્રમાણમાં બની રહેલ હોય જે અનુસંધાને જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા દ્વારા કોઈ સાથે નાણાકિય ફ્રોડ ન થાય અને સાયબર ફ્રોડના બનાવો અંગે લોકોમાં જાગૃતતા લાવી આવા બનાવો બનતા અટકાવવા તેમજ ફ્રોડના બનાવો આચરનાર શખ્સો વિરૂધ્ધ જરૂરી કાર્યવાહી કરવા સુચના આપતા સીટી પીઆઈ એચ.આર.ગૌસ્વામી દ્વારા સાયબર ફ્રોડના બનાવો અંગેની તપાસ અર્થે પ્રજ્ઞાબેન ચાવડા, જીજ્ઞાસાબેન વાળા, સંગીતાબેન રાજગોરની એક ટીમ બનાવી હતી. આ ટીમ દ્વારા જુન માસના પંદર દિવસમાં આવેલી અરજીઓની તપાસ કરી જરૂરી કાર્યવાહી બાદ (૧) અજયભાઈ દેવેન્દ્રપ્રસાદ રૂા.૧૩,૦૦૦ (૨) હિતેષભાઈ આહુજા રૂા.૧૫૨૪૫ (૩) મોહમદ ઈબ્રાહિમ શેખ રૂા.૧ લાખ (૪) પિયુષ વાળા રૂા.૨૦૦૦ (૫) હરસુખભાઈ ખોરાબા રૂા.૧૫૦૦ (૬) રાજેશ ડાલકી રૂા.૧૫ હજાર (૭) વિનીકાંત અગ્રાવત રૂા.૨૪૩૭ (?) ચેતન કારેલીયા રૂા.૫ હજાર (૯) રમિલાબેન બારડ રૂા.૫૪૮ (૧૦) ખસાબ મુકીત મકસુદ રૂા.૧૦ હજાર (૧૧) મુસ્કાન મહીદા રૂા.૫૦૦ (૧૨) દર્પણ ગરચર રૂા.૧ હજાર અને (૧૩) ભાગ્યશ્રીબેન લક્ષ્મણભાઈ રૂા.૮૧ હજાર મળી કુલ રૂા.૨,૪૭,૨૩૦ જેવી રકમ પરત અપાવેલ છે.

## આજે સોમનાથ મહાદેવને જગન્નાથજીનો અલૌકીક શૃંગાર કરાયો

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૮

અષાઢી બિજ નિમીત્તે સોમનાથ મહાદેવને વિશેષ જગન્નાથ શૃંગાર કરાયો હતો. વર્ષમાં માત્ર અષાઢી બીજ નિમીત્તે આ વિશેષ શૃંગાર કરવામાં આવે છે.

### પ્રાકૃતિક ખેતી આધારિત વન કવચ અને રોપા ઉછેર કેન્દ્ર

# જૂનાગઢ જીલ્લામાં સામાજિક વનીકરણ અંતર્ગત ડુંગરપુર ખાતે ૩,૬૮,૦૦૦ રોપાઓ તૈયાર

જૂનાગઢ, તા.૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણના જતન માટે એક પેડ માં કે નામ ઝુંબેશમાં સહભાગી થવા અપીલ કરી હતી. જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત ડુંગરપુર રોપા ઉછેર કેન્દ્ર ખાતે વિવિધ પ્રકારના અંદાજિત ૩,૬૮,૦૦૦ તૈયાર કરાયા છે. રોપાઓને બેગ સાઈઝ ૨૦x૨૦, ૧૫x૨૫, ૨૦x૩૦ અને ૩૦x૪૦ રાખવામાં આવી છે જેમાં ફળ આપતા રોપા, વિવિધ ફૂલના રોપા તેમજ ઘટાદાર વૃક્ષોના રોપાઓ સાથે-સાથે આયુર્વેદિક છોડ તુલસી, અરડૂસી વગેરેના રોપાનો પણ ઉછેર કરવામાં આવે છે. તમામ રોપાઓનો ઉછેર પ્રાકૃતિક રીતે એટલે કે છાણીયા ખાતર તેમજ પાણીથી જ કરવામાં આવે છે, કોઈપણ પ્રકારનું રાસાયણિક ખાતર ઉમેરવામાં આવતું નથી.

રેન્જ ફોરેસ્ટર ઓફિસર લક્ષ્મણભાઈ સુત્રેજાના જણાવ્યા અનુસાર સામાજિક વનીકરણ અંતર્ગત ડુંગરપુર રોપા ઉછેર કેન્દ્ર દ્વારાજૂનાગઢ જિલ્લાના પાતાપર ગામે લગભગ દોઢ એકર જમીનમાં અંદાજિત ૨૫૦૦ થી વધારે રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. તેમજ મગફળી ઉછેર કેન્દ્ર જૂનાગઢ ખાતે ૪૦૦ રોપાનું વાવેતર કરાયું છે.ઉપરાંત રોપા વિતરણ માટે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રોપાના દર અને વિતરણની સુઆયોજીત પધ્ધતિ છે. જેમાં કેટલાક રોપાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવે છે. તો કેટલાંકના ટોકન દરે વિતરણ કરવામાં આવે છે. થેલીની સાઈઝ મુજબ ભાવો નકકી થતાં હોય છે. રૂા. ૨ થી લઈને રૂા.૧૦૦ સુધીના રોપાના ભાવ હોય છે. રોપાઓ ઉછેરવા અને તેની જાળવણી માટેનું








## રોપા વિતરણ માટે વન વિભાગ દ્વારા રોપણના દર અને વિતરણની સુઆયોજિત પદ્ધતિ

માર્ગદર્શન પણ વન વિભાગ દ્વારા પૂરું પાડવામાં આવે છે. જેથી વધુને વધુ સામાજિક વનીકરણ થઈ શકે, જેમાં નાગરીક, ખેડુત, શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાવગેરેની ભાગીદારી ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે.

૧૯૫૦ માં કનૈયાલાલ માણેકલાલ મુનશી દ્વારા શરુ કરવામાં આવેલ વન મહોત્સવની ઉજવણી અંતર્ગતવૃક્ષારોપણની પાવન કામગીરીને વ્યાપક, અસરકારક અને લોકભોગ્ય બનાવવાનાં ઉદેશ્યથી વન વિભાગ દ્વારા ચોમાસાની ઋતુમાં શાળાના બાળકો તેમજ નાગરીકો દ્વારા શાળામાં તેમજ સાર્વજનીક જગ્યાઓ, ગ્રામ પંચાયત ઉપરાંત સરકારી ભવનોમાં વૃક્ષારોપણ કરવામાં આવે છે. આંગણવાડીના બાળકો થકી સર્વગુણ સંપન એવો સરગવાના રોપનું વૃક્ષારોપણ કરવામાં આવે છે. આ તમામ રોપાઓનો ઉછેરથી લઈ વૃક્ષારોપણ સુધીની પ્રક્રિયા કુદરતી ખાતર દ્વારા જ પ્રાકૃતિક રીતે જ કરવામાં આવે છે. રોપાનું વૃક્ષારોપણ થયા બાદ તેની માવજત કરવામાં પણ ગાય આધારિત છાણીયા ખાતરનો જ ઉપયોગ કરવામાં આવે છે જો વૃક્ષોમાં કોઈ રોગ આવે, કોઈ કારણસર વૃક્ષ સુકાઈ જાય તો ગાઈડલાઈન મુજબ પ્રાકૃતિક ખાતર અને દવાનો છંટકાવ કરવામાં આવે છે, અથવા તો વૃક્ષની આસપાસ જમીનમાં કુદરતી ખાતર ભેળવી પાણી ઉમેરવામાં આવે છે.

સામાજિક વર્ગીકરણ અંતર્ગત જ સરકાર દ્વારા (વન કવચ) મિયા વાંકી જંગલ બનાવવામાં આવે છે,જે ઘટાડો જંગલ તરીકે પણ ઓળખાય છે.વન કવચમાં વૃક્ષારોપણ કરતી વખતે ઉચ્ચ સ્તરીય રોપા, નિમ્ન સ્તરીય રોપા અને મધ્યમ સ્તરીય રોપા ધ્યાનમાં લેવામાં આવે છે. નિશ્ચિત ફોર્મેટ પ્રમાણે ઉચ્ચ સ્તરીય રોપવાની બાજુમાં મધ્યમ સ્તરીય તેમજ તેમની બાજુમાં નિમ્ન સ્તરીય રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવે છે. વન કવચની માવજત વખતે પણ કુદરતી ખાતર તેમજ ફક્ત પાણીનો જ ઉપયોગ કરવામાં આવે છે. ગાય આધારીત ખાતર પણ રોપા ઉછેર કેન્દ્ર ખાતે જ તૈયાર કરવામાં આવે છે. લગભગ ૮ થી ૯ મહિનામાં જ આ વન કવચ ઘટાટોપ જંગલ બની જાય છે. ત્યારબાદ જરૂરિયાત મુજબ ફક્ત પાણી નો જ ઉપયોગ કરવામાં આવે છે અન્ય કોઈ ખાતર કે માવજત આપવામાં આવતી નથી.

# શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ ૨૦૨૪ માટે તા. ૧૫ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે

જૂનાગઢ, તા.૮

ભારત સરકાર શિક્ષણ મંત્રાલય, શાળા શિક્ષા અને સાક્ષરતા વિભાગ નવી દિલ્હી તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામક ગાંધીનગરના તા.૧/૭/૨૦૨૪ ના પત્રથી શિક્ષકો માટે રાષ્ટ્રીય પારિતોષિક યોજના અમલમાં છે. જે અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ-૨૦૨૪ મેળવવા માટે જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં કાર્યરત કાયમી શિક્ષકો અને શાળાના મુખ્ય શિક્ષકો ઓનલાઈન વેબસાઈટ (https://nationalawardstoteachers.education.gov.in) ઉપર અરજી કરી શકશે. આ ઓનલાઈન અરજી ૧૫/૦૭/૨૦૨૪ સુધી કરી શકાશે. જૂનાગઢ જિલ્લાના મહતમ શિક્ષકો રાષ્ટ્રીય પારિતોષિક યોજના અન્વયે દરખાસ્ત નોંધાવે તેમ જિલ્લા શિક્ષણાધિકારી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે

# જૂનાગઢ તાલુકા (શહેર) સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૮

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ તાલુકા(શહેર) માટે તા.૨૪/૭/૨૦૨૪ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન સરદારબાગ, જૂનાગઢ ખાતે યોજાનાર કાર્યક્રમ માટે જૂનાગઢ તાલુકા શહેર કક્ષાના પ્રશ્નો/ફરિયાદો તા.૧૦/૭/૨૦૨૪ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જૂનાગઢ (શહેર)ને પહોંચતા કરવા સંબંધકર્તા લોકોને વિનંતી કરવામાં આવેલ છે. અરજીના મથાળે જૂનાગઢ તાલુકા (શહેર) માટેનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ લખવાનું રહેશે.

મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઈન(ફરિયાદ નિવારણ) કાર્યક્રમમાં કોઈપણ અરજદારને અરજી કરતા પહેલા ગ્રામ્યકક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી, ગ્રામસેવકને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ, આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે અને આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે, સામુહિક રજૂઆતો નહિ થઈ શકે. મુદ્દત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજીઓ, એક કરતા વધુ વિભાગ/કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપી થવાપાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વગાત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઈ શકશે નહી તેમ જૂનાગઢ (શહેર) મામલતદારની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ વોર્ડ નં.૧૫ માં જવાહર નવોદય વિદ્યાલય ખાતે વૃક્ષારોપનો કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૮



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને અનુસરી સુક્કા વિસ્તારને હરિયાળો બનાવવા અને વધતી ગ્લોબલ વોમિંગની સમસ્યા સામે લડવાના આશય સાથે સ્ટેટ કો-ઓર્ડીનેટર કૌશલભાઈ દવેના માર્ગદર્શન મુજબ જૂનાગઢ મહાનગર વોર્ડ નં ૧૫માં જવાહર નવોદય વિદ્યાલય ખાતે વૃક્ષારોપણનું આયોજન સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ-જૂનાગઢ મહાનગર દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પ્રિન્સીપાલ વિનોદ કુમાર લેવે, યુવક બોર્ડના ઝોન સંયોજક વનરાજભાઈ સુત્રેજા, મહાનગર સંયોજક કેવિનભાઈ અકબરી, સત્યમ સેવા યુવક મંડળ પ્રમુખ મનસુખભાઈ વાજા, ગાયત્રી મંદિરના ટ્રસ્ટી નાગભાઈ વાળા, વોર્ડ સંયોજક કેતનભાઈ નાંઢા, સ્કુલના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ મિત્રો તેમજ વોર્ડ સંયોજક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા તેનું જતન કરવાના દ્રઢ સંકલ્પ કર્યા હતા.

### શ્રી જગન્નાથજી મંદિર ખાતે શ્રી વિષ્ણુયાગ યજ્ઞમાં મહોત્સવ સમિતિ દ્વારા આહુતિ અપાઈ



જૂનાગઢ, તા.૮ શ્રી જગન્નાથજી મંદિર ખાતે શ્રી વિષ્ણુયાગ યજ્ઞમાં મનસુખભાઈ વાજા (મંત્રીશ્રી), બીપીનભાઈ ભટ્ટી (ઉપ પ્રમુખ), રાજેન્દ્ર ચુડાસમા (ખજાનચી) તેમજ પ્રવીણ જોષી (કારોબારી સભ્ય) તેમજ શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતી દ્વારા હવનમાં આહુતિ આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજતા પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૮




રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લાગતી બાબતોના કેબિનેટ મંત્રી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખંભાળિયા ખાતે જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે જિલ્લાના પ્રશ્નો અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રભારી મંત્રીશ્રીએ પાણી પુરવઠો, સિંચાઈ, અન્ન પુરવઠો, કૃષિ, વીજ પુરવઠો, આરોગ્ય, પ્રવાસન તથા કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણ લક્ષી યોજનાઓના લાભ, જિલ્લામાં કાર્યરત પ્રોજેક્ટ્સ સહિતના અન્ય વિભાગોના કામો વિશે તલસ્પર્શી માહિતી મેળવી વિસ્તૃત ચર્ચા કરી હતી.


આ તકે ચોમાસાની ઋતુને ધ્યાને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી તકેદારી લેવા તેમજ ભારે વરસાદ જેવી પરિસ્થિતિમાં સાવચેતી માટે કોઝ-વે તથા ડેમ સાઈટ પર ચેતવણી દર્શક ચિન્હો લગાવવા વગેરે જરૂરી પગલાંઓ લેવા તેમજ રહેણાંક વિસ્તારોમાં વરસાદને લીધે સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી માટે દવા છંટકાવ વગેરે માટે તાકીદ કરી હતી. વધુમાં જિલ્લાના પ્રવાસન અને ધાર્મિક સ્થળો પર સ્વચ્છતા, પાણી પુરવઠા સહિતની સુવિધાઓ સુનિશ્ચિત થાય તે માટે સૂચનાઓ આપી હતી. ઉપરાંત, કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા તથા સાંસદ તથા ધારાસભ્યશ્રીના કામોને અગ્રતા આપવા જણાવ્યું હતું. વિવિધ વિભાગના પડતર પ્રશ્નો અંગે માહિતી મેળવીને તેના પર વિસ્તૃત ચર્ચા કરી તાકીદે કામો પૂર્ણ કરવા મંત્રીશ્રીએ જરૂરી સૂચનો તથા માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં કલેકટર જી.ટી.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણીયા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી રચનાબેન મોટાણી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ પાટણ તાલુકા ખરીદ વેચાણ સંઘની ૬૯મી વાર્ષિક સાધારણ સભા મળી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૭





ગુજરાત રાજ્યના સહકારી ક્ષેત્રના ભીષ્મ પિતા એવા સૌરાષ્ટ્રના નેતા કાળાભાઈ આર. ઝાલા ૫૯ વર્ષમાં એકપણ વિવાદ વગર અંતિમ ક્ષેત્ર નિવૃતી જાહેર કરતાં વેરાવળ તાલુકા ખરીદ વેચાણ સંઘ અને પૂર્વ ધારાસભ્ય તાલાળાના તા. ૨૩/૬/૨૦૨૪ના રોજ નિવૃતી લેતા એમનું સન્માન કારડીયા રાજપૂત દ્વારા કરવામાં આવેલ છે. તેઓ હમેશા ખેડૂતના શુભચિંતક અને માર્ગદર્શક રહીયા છે. તેઓ જુનાગઢ જિલ્લા બેકના ચેરમેન ૧૩ વર્ષ, રાજ્ય લેવલની સંસ્થા ગુજકો માસોલ ૧૭ વર્ષ, જી.એસ.સી. બેંકમાં ૧૮ વર્ષ, ખેતી બેક રાજ્યના ૩ વર્ષ ગુજરાત માર્કેટિંગ બોર્ડના ૧૦ વર્ષ સ્ટેટ-ઓપરેટિવ ઈન્ડસ્ટ્રીઝના ૧૦ વર્ષ સેવા આપેલ અને સંઘના ડાયરેકટરો, કાર્યકરો દ્વારા સન્માન કરવામાં આવેલ છે. આ તકે નવા ચેરમેન તરીકે દિલીપભાઈ કાલાભાઈ ઝાલાને બીન હરીફ વરણી કરવામાં આવેલ. તેઓને ગુજરાત રાજય કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ જશાભાઈ બારડ દ્વારા શાલ ઓઢાડી સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવેલ. વેરાવળ અને જિલ્લાના વફાદાર ડાયરેકટરો આજ દીન સુધી વફાદારી રાખેલ તેઓ દ્વારા પણ સન્માન કરવામાં આવેલ છે. કાળાભાઈ ઝાલા હમેશા લોકોના હમદર્દ રહેલ તેઓ હમેશા પોજીટીવ વાત કરતા એમના જીવનમાં નેગેટિવ શબ્દ કોઈદિવસ આવેલ નથી. તેઓ અન્ય બેન્કોને મદદ કરવામાં આવેલ છે. વેરાવળ મર્કાટાઈલ બેન્ક, વેરાવળ પીપલ બેન્ક, વેરાવળ નાગરિક બેન્ક, વેરાવળ રત્નાકર બેક અને સુગર ફેકટરીઓ ને મદદ કરવામાં આવેલ છે. તાલાલા સુગર ફેકટરી, કોડીનાર સુગર ફેકટરી, ઉના સુગર ફેકટરી, ખેડૂત સંસ્થાને હાર હમેશા મદદ કરવામાં આવેલ છે. તેમજ તમામ સુગર ફેકટરીઓના ડાયરેકટરો ઉપસ્થિત રહ્યા હતા.

### ઉના યુનિટના જે.પી. બાંભણિયા બેસ્ટ કેડેટનું સન્માન કરાયું




(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૮

સુંઢિયા મુકામે યોજાયેલા રાજ્ય કક્ષાનો બેઝિક તાલીમ કેમ્પની અંદર ઉના યુનિટના જે.પી.બાંભણિયા બેસ્ટ કેડેટ આવેલ હોય જેમનું ઊના યુનિટ કચેરી ખાતે ગીર સોમનાથ જિલ્લા કમાન્ડન્ટ વિજય ઠાકરના હસ્તે શાલ ઓઢાડી બેસ્ટ કેડિટ જે.પી.બામણીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૈલેશ ભટ્ટ, એચ.એલ. પરમાર તેમજ યુનિટ સભ્ય હાજર રહ્યા હતા.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ચીખલી રોડ ઉપર એકથી દોઢ ફુટ પાણી ભરાતા લોકોને પડતી મુશ્કેલી

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૮



કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ચીખલી રોડ ઉપર આવેલ આવેલ રહેણાંકી વિસ્તરણના મુખ્ય રોડ ઉપર ગોઠણ ડૂબ પાણી ભરાતા અહી વસતા ત્રીસ પરિવારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ડોળાસા ગામે માધ્યમિક શાળાની પાછળના ભાગે અનેક પરિવારો વસવાટ કરે છે પણ આ વિસ્તારની પશ્ચિમ દિશામાં વાડી વિસ્તારમાં ત્રીસથી વધુ પરિવારો વસવાટ કરે છે તેઓને ગામ સાથે જોડતો એક માત્ર રોડ છે. જ્યાં ડોળાસા ગ્રામ પંચાયત હસ્તક સિમેન્ટ રોડ પણ બનાવાયો છે. પણ હાલ આ રોડ નીચાણમાં આવી ગયો છે. અહી ચોમાસાનું પાણી જમાં થાય છે જેના નિકાસની કોઈ વ્યવસ્થા નથી. પરિણામે રોડ ઉપર ગોઠણ ડૂબ પાણી ભરાય છે. આ વિસ્તારમાં ખેડૂત પરિવારો વસે છે. જેને અર્ધો કી.મી.સુધી એકથી દોઢ ફૂટ પાણીમાંથી દર ચોમાસામાં પસાર થવું પડે છે. આ વિસ્તારના ખેડૂત અગ્રણી બાલુભાઈ પી.મોરીએ યદ્ધના ધોરણે અહી પાણીનો નિકાલ કરી રેતી કોંક્રિટથી રોડ ઉચો બનાવવા માંગ કરી છે.

### ઉનામાં જીઈબીનો થાંભલો જોખમી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૮



ઉનામાં કાપડ બજાર પાસે જસ ક્લોથની સામે જીઈબીનો થાંભલો જર્જરીત હાલતમાં હોય તો દુર્ઘટના થાય તે પહેલા વહેલાસર તપાસ કરી કાર્યવાહી કરવા લોકોની માંગણી ઉઠી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# હારનું મૂલ્યાંકન કરવાને બદલે ખુશ થતી કોંગ્રેસ

ગત દિવસોમાં રાહુલ ગાંધીએ વાયનાડ લોકસભા બેઠક પરથી રાજીનામું આપીને રાયબરેલીથી સાંસદ રહેવાનો નિર્ણય કર્યો. ઉત્તર પ્રદેશનાં ચૂંટણી પરિણામથી કોંગ્રેસમાં એ વિશ્વાસ પેદા થયો છે કે જો રાહુલ ગાંધીએ ત્યાં ધ્યાન આપ્યું તો આગામી લોકસભા ચૂંટણીમાં પાર્ટીની સ્થિતિ બહેતર થઈ શકે છે અને લોકસભામા અંકગણિત બદલાઈ શકે છે. શું આ ચૂંટણી પરિણામના આધાર પર માની શકાય કે ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર ભારતમાં કોંગ્રેસના દિવસો પાછા આવી શકે છે? જોકે ભાજપની સીટો ઘટી અને કોંગ્રેસ તથા કેટલાક વિપક્ષી દળોની વધી, તેથી તેમની અંદર આશા જાગી છે કે ફરીથી અમારું ઉત્થાન થઈ શકે છે, પરંતુ કોંગ્રેસ અને વિપક્ષના અન્ય પક્ષો એ ન ભૂલે કે કોંગ્રેસ ૧૯૯૧ બાદ માત્ર ૨૦૦૯માં જ ૨૦૦નો આંકડો પાર કરી શકી હતી. તેમાં ઉત્તર પ્રદેશથી પ્રાપ્ત ૨૧ સીટોનું મોટું યોગદાન હતું. કોંગ્રેસનું આ સંકટ આજનું નથી. ૧૯૮૯માં પણ તેને માત્ર ૧૯૭ લોકસભા બેઠકો પર જ વિજય મળ્યો હતો. ૧૯૯૧માં પણ ૨૩૨ સીટો ત્યારે મળી હતી, જ્યારે રાજીવ ગાંધીની હત્યાથી કોંગ્રેસને થોડી સહાનુભૂતિ મળી હતી. જો એવું ન થયું હોત તો તે ૨૦૦ના આંકડાથી નીચે રહી હોત. ૧૯૯૬માં તેને ૧૪૦, ૧૯૯૮માં ૧૪૧, ૧૯૯૯માં ૧૧૪ તથા ૨૦૦૪માં ૪૪, ૨૦૧૯માં ૫૨ અને ૨૦૨૪માં ૯૯ સીટો મળી. આ રીતે પાછલાં ૩૫ વર્ષમાં કોંગ્રેસે લોકસભામાં માત્ર બે વખત ૨૦૦નો આકંડો પાર્ કર્યો. ૨૦૦૯માં ઉત્તર પ્રદેશમાં મુસલમાનોના એક મોટા વર્ગે સપાને છોડીને કોંગ્રેસ માટે મતદાન કર્યું અને એ કારણે તેની સીટો વધી.


૨૦૦૪માં મનમોહન સિંહના નેતૃત્વમાં યુપીએ સરકારની રચના એ કારણે થઈ, કારણ કે ભાજપને ૧૩૮ સીટો મળી અને તેના વિરોધી દળોએ કોંગ્રેસની આસ-પાસ મોરચો બનાવી લીધો. ૨૦૦૯માં લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વમાં ભાજપ એ રીતે પ્રખર રાજકીય પાર્ટી રૂપે ચૂંટણીમાં ન દેખાઈ, જેનાથી તેનો વ્યાપક સમર્થન વર્ગ ઊભો થઈ શકે. નરેન્દ્ર મોદીના આવતાં જ ૨૦૧૪માં આખી સ્થિતિ વાસ્તવિકતા પર આવી ગઈ. એક સમયે કોંગ્રેસ દેશની સૌથી મોટી પાર્ટી હતી. બાદમાં જનાધારના સ્તર પર કોંગ્રેસે વિચાર, વ્યવહાર અને વ્યક્તિત્વ એટલેકે નીતિ, રણનીતિ અને નેતાના સ્તરે એવું જનાકર્ષક પરિવર્તન ન કર્યું, જે ફરી ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ આમ ભારતીયને તેનો પ્રતિબદ્ઘ સમર્થક બનાવી દે. રાહુલ ગાંધી ૨૦૦૪થી સાંસદ છે અને ઉત્તર પ્રદેશમાં તેના પહેલાંથી સક્રિય છે. પ્રિયંકા વાઢેરા પણ સતત સક્રિય છે. તેમ છતાં કોંગ્રેસ પ્રદેશમાં પોતાના પગ પર આજ સુધી ઊભી નથી થઈ શકી. પ્રિયંકા વાઢેરાના કોંગ્રેસ મહાસચિવ બનવા તથા ઉત્તર પ્રદેશના પ્રભારી બનવા પર ૨૦૧૯માં કોંગ્રેસમાંથી માત્ર સોનિયા ગાંધી રાયબરેલીથી ચૂંટાયાં હતાં. દક્ષિણમાં કેરળમાં પણ ભાજપ કમજોર હોવાને કારણે કોંગ્રેસ નેતૃત્વ કે પછી ડાબેરી મોરચાવાળા ગઠબંધનને કારણે જ ત્યાંની મોટાભાગની સીટો તેને મળતી રહી છે. કર્ણાટકમાં તેની સરકાર રહેવા છતાં પણ ૧૯૯૯ને બાદ કરતાં લોકસભા ચૂંટણીઓમાં સતત ભાજપને વધારે સીટો મળતી રહી છે. તેલંગણામાં જરૂર તે પોતાનો આધાર કેટલીક હદે પ્રાપ્ત કરી શકી છે. એવામાં ભલે રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશ અને પ્રિયંકા વાઢેરા કેરળ ચાલ્યાં જાય, તેનાથી કોંગ્રેસના વ્યાપક વિસ્તારની સંભાવના નથી દેખાતી.

ભાજપની સીટો ઘટવી તેના ખુદના માટે ગંભીર ચિંતાનો વિષય છે. કારણ કે તેમાં મોટી ભૂમિકા તેના કાર્યકર્તાઓ, સ્થાનિક નેતાઓ અને પ્રતિબદ્ઘ સમર્થકોની છે, જેમણે કાં તો ઉદાસીનતા રાખી, અથવા બિલકુલ કામ ન કર્યું કે વિરોધ કર્યો. કોંગ્રેસ ભાજપને વધુ નુક્સાન પહોંચાડવા કે કમજોર કરવામાં ત્યાં જ સફળથઈ, જ્યાં તે ગઠબંધનમાં હતી. જેમ કે ઉત્તર પ્રદેશમાં સપા સાથે તેના ગઠબંધનને કારણે ભાજપ બીજા નંબરની પાર્ટી બની. ગઠબંધનમાં પણ કોંગ્રેસ ૧૭ સીટો પર જ લડી શકી. મહારાષ્ટ્રમાં એનસીપી (શરદ પવાર) અને શિવસેના(ઉદ્ઘવ) સાથે મળીને જ કોંગ્રેસ ભાજપને વધુ નુક્સાન પહોંચાડી શકી. બિહારમાં જો રાજદવાળું ગઠબંધન ન હોત તો કોંગ્રેસ ક્યાંય ન હોત. દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે મળીને પણ સાતેય સીટો જીતવાથી કોંગ્રેસ ભાજપને રોકી ન શકી. જ્યાં કોંગ્રેસે ભાજપ સાથે સીધો મુકાબલો કર્યો તેમાં રાજસ્થાન, હરિયાણા, કર્ણાટક જેવાં રાજ્યોમાં તેણે નુક્સાન પહોંચાડ્યું, પરંતુ ભાજપ ત્યાં કોંગ્રેસથી પાછળ ન ગઈ. તે ઉપરાંત ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ વગેરે એવાં રાજ્યો છે, જ્યાં સીધા સંઘર્ષમાં કોંગ્રેસ એક સીટ પણ જીતી ન શકી અને ભાજપની એકતરફી જીત થઈ. બંગાળમાં ડાબેરી મોરચા સાથે ગઠબંધન છતાં કોંગ્રેસ સફળ ન થઈ શકી. તેના નેતા અધીર રંજન ચૌધરી સુદ્ઘાં હારી ગયા. ઓડિશામાં લોકસભા અને વિધાનસભા બંનેમાં તે હાંશિયાની પાર્ટી બની રહી. જ્યારે કેરળમાં ભાજપ આ વખતે એક સીટ જીતી છે તો બે સીટ પર તે બીજા સ્થાન પર રહી છે. આગામી ચૂંટણીમાં જો તેણે પોતાનો જનાધાર થોડો વધાર્યો તો સંભવ છે કે ત્યાં પણ કેટલીક સીટોનું સમીકરણ બદલાય. આ જ રીતે તમિલનાડુમાં સીટો ન જીતવા છતાં ભાજપે પોતાના વોટ વધાર્યા છે.

લોકસભા ચૂંટણીનાં પરિણામોના આ તથ્યોને ધ્યાનમાં રાખીએ તો ખરેખર તો કોંગ્રેસ માટે એવી ઉત્સાજનક તસવીર નથી, જેવી દેખાડવાની કોશિશો થઈ રહી છે. લાગે છે કે કોંગ્રેસ ભાજપની સીટો ઘટવાને જ પોતાની મોટી સફળતા માનીને ગેલમાં આવી ગઈ છે, અને એ ઉત્સાહમાં જ પોતાનું સાચું મૂલ્યાંકન નથી કરી શકતી.

## ભૂપેન્દ્ર પટેલની અધિકારીઓને કડક શબ્દોમાં સલાહ

# AC ઓફિસ છોડો, ફટાફટ ગામડામાં પહોંચો : ભૂપેન્દ્ર પટેલ



### સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓના એક એક ગામોની ઓચિંતી સ્થળ મુલાકાત માટે જિલ્લાના વહીવટી વડા કલેક્ટર અને ડીડીઓને સૂચના આપવામાં આવી

ગાંધીનગર,તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંતરિયાળ વિસ્તારોમાં વસતા લોકો સુધી પાયાની અને નાગરિકલક્ષી સેવા સુવિધાનું વિતરણ સુનિશ્ચિત કરવા "લોકો માટે, લોકો સાથે, લોકો વચ્ચે..." સરકારનો નવતર અભિગમ રાજ્ય શાસનના અપનાવ્યો છે. મુખ્યમંત્રી પ્રેરિત આ પ્રો પિપલ - પ્રો એકટીવ ગવર્નન્સના પ્રેરક દ્રષ્ટાંતમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમના જિલ્લામાં આવેલા કોઈ એક તાલુકાના એક ગામની આકસ્મિક મુલાકાત લઈને લોકોને મળતી સેવાઓ-સુવિધાઓ સુપેરે મળે છે કે કેમ તે સુનિશ્ચિત કરે છે. આ નવતર જન હિતકારી અભિગમ અન્વયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર દાહોદથી દ્વારકા અને અંબાજીથી આહવા એમ સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓના એક એક ગામોની ઓચિંતી સ્થળ મુલાકાત માટે જિલ્લાના વહીવટી વડા કલેક્ટર અને ડીડીઓને સૂચના આપવામાં આવી હતી. તદઅનુસાર શનિવાર ૬ જુલાઈએ સવારથી જ અધિકારીઓ પોતાના જિલ્લાના એક એક તાલુકાના ગામોની મુલાકાતે પહોંચ્યા હતા અને તે ગામમાં આરોગ્ય સુવિધા, શિક્ષણની સગવડો, આંગણવાડી કેન્દ્ર તેમજ સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો પરથી અનાજ વિતરણ, મધ્યાહન ભોજન, દૂધ સંજીવની યોજના, ભારતનેટ કનેક્શન અને બેન્કિંગ સેવાઓ સહિતની પાયાની સુવિધા યોગ્ય રીતે ઉપલબ્ધ છે કે કેમ, કોઈ ત્રુટી કે સુવિધા ઉણપ જેવી બાબતનું તલસ્પર્શી સમીક્ષા હાથ ધરી સાચું ચિત્ર મેળવ્યું હતું.

મુખ્યમંત્રી સ્પષ્ટપણે માને છે કે જ્યાં સુધી કોઈ પણ બાબતને સમગ્રતયા જોવામાં ન આવે ત્યાં સુધી આવી બાબતો, નાની-મોટી કે એકલદોકલ છૂટી છવાઈ જ નજરે પડતી હોય છે. આ હેતુસર નવતર પ્રશાસનિક અભિગમ અપનાવીને સરકારની વિવિધ યોજનાઓનું ફિલ્ડ અધિકારીઓ દ્વારા લોકો સુધી જે અમલીકરણ કરવામાં આવે છે, તેની સમીક્ષા અને આકસ્મિક નિરીક્ષણનું પીપલ સેન્ટ્રીક વલણ દાખવ્યું છે. રાજ્યના વહીવટી વડા મુખ્ય સચિવ રાજકુમારના માર્ગદર્શનમાં આ માટે જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓને નિયત ચેક લિસ્ટ ફોર્મ આપીને તેમાં સમીક્ષા-નિરીક્ષણના અવલોકનો ભરવા જણાવવામાં આવ્યું છે.

આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગ, દવાઓનો જથ્થો, ડોકટર્સ, સ્ટાફ નર્સ વગેરેની વિગતો, શાળા સંકુલની આનુસંગિક બાબતો, સ્માર્ટ કલાસ, હાજરીની નિયમિતતા ઉપરાંત આંગણવાડીની મળવા માળખાકીય સુવિધા અને પંડિત દિન દયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી અપાતા અંત્યોદય તથા અન્ય યોજનાઓના અનાજ સહિત ગ્રામીણ બેન્કિંગ સુવિધા બાબતે પણ આ ચેક લિસ્ટ ફોર્મમાં વિસ્તૃત વિગતો એકત્રિત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ દ્વારા વિવિધ જિલ્લાના ગામોમાં સેવા સુવિધાઓના સ્થળ નિરીક્ષણ માટે ગયેલા જિલ્લા અધિકારીઓ સાથે વાતચીત કરીને તેમના પ્રતિભાવો મેળવ્યા હતા.

એટલું જ નહીં સ્થળ પર ઉપસ્થિત ગ્રામજનો સાથે પણ સહજ સંવાદ કરીને સરકારની યોજનાઓ સુવિધાઓ તેમને સુપેરે પહોંચી રહી છે કે કેમ તેની પૂછપરછ પણ કરી હતી. તેમણે જિલ્લા તંત્રવાહકોને આ સંદર્ભમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્ય સચિવ રાજકુમારે ખેડા, ડાંગ, દેવભૂમિ દ્વારકા, નર્મદા, છોટા ઉદેપુર, કચ્છ, ગીર-સોમનાથ, પાટણ, વડોદરા જિલ્લાઓના કલેક્ટર-ડી.ડી.ઓ. સાથે વાતચીત કરીને તેમની ફિલ્ડ વિઝિટ દરમિયાનની કામગીરી નિરીક્ષણની વિગતો મેળવી હતી.

તેમણે સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યો કે આવનારા દિવસોમાં આ કાર્યક્રમને યથાવત રાખીને તેમના જિલ્લાઓના તાલુકા અને ગ્રામ્ય કક્ષાએથી પણ લોકો વચ્ચે જઈને અધિકારીઓ ફીડબેક મેળવે અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ સુપેરે પહોંચાડે તે માટેનું નેતૃત્વ જિલ્લા તંત્રના વડા તરીકે કલેકટર્સ—ડી.ડી.ઓ. કરે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતે પણ જયારે જિલ્લાઓની મુલાકાતે જતાં હોય છે, ત્યારે કચેરીઓની ઓચિંતી મુલાકાત લઈને કચેરીઓની કામગીરી અંગે પ્રજાજનોને સંતોષે છે કે કેમ, કોઈ દુવિધા તો નથી, તે બાબતોની જાણકારી પ્રજા વર્ગો સાથે વાતચીત કરીને મેળવતા રહે છે.

સંવેદનશીલ અને મક્કમ નિર્ણયકર્તા તરીકે રાજયના સમગ્ર વહીવટી તંત્રને વધુને વધુ લોકોભિમુખ બનાવવાનો એક નવતર પ્રયોગ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેક્ટર-જિલ્લા વિકાસ અધિકારીઓને ગામોની આકસ્મિક નિરીક્ષણ મુલાકાતે મોકલીને હાથ ધર્યો છે.

## લાશ પાણીમાં પડી રહી હોઈ ફુલાઈ ગઈ હતી

# રાજકોટમાં ૫ વર્ષના બાળકનું અપહરણ થયા પછી ખાડામાંથી મૃતદેહ મળ્યો

### બાળક રમતાં રમતાં ખાડામાં પડ્યો છે કે હત્યા કરાઈ છે તે જાણવા પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું

રાજકોટ,તા.૮

રાજકોટ શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં રહેતાં અને ફેકટરીમાં કામ કરતાં મુળ મધ્યપ્રદેશના પરિવારનો પાંચ વર્ષનો દીકરો બુધવારે બપોરે ઘરેથી નીકળી ગયા બાદ ગૂમ થઈ ગયો હતો. આ કેસમાં આજીડેમ પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. દરમિયાન ગત સાંજે આ બાળકની લાશ કોઠારીયા સોલવન્ટ શીતળાધાર નજીક પાણી ભરેલા ખાડામાંથી મળી આવતાં અરેરાટી ફેલાઈ હતી. બાળક રમતાં રમતાં ખાડામાં પડ્યો છે કે હત્યા કરાઈ છે તે જાણવા પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

કોઠારીયા સોલવન્ટ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં રોલેક્ષક યુનિટ-૩ની સામેની શેરીમાં બદ્રી પાન પાસે રહેતાં અને સોમનાથ વે બ્રીજ પાસે સન બ્લાસ્ટ કારખાનામાં મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના સાગર જિલ્લાના ગીડવાની ગામના બાબુલાલ રામપ્રસાદ અહીરવારનો દિકરો વિક્રમ (ઉ.૫) બુધવારે તા. ૩ના બપોરે અઢી વાગ્યા આસપાસ ઘરમાંથી શેરીમાં રમવા ગયા બાદ પાછો ન આવતાં બાબુલાલ અને પત્નિ બબીતાબેને તેની શોધખોળ શરૂ કરહતી. પરંતુ આસપાસમાં ક્યાંય વિક્રમનો પત્તો મળ્યો નહોતો.

આથી બાબુલાલે પોતાના મોટા ભાઈ દેવીપ્રસાદને જાણ કરી હતી. બધાએ મળી સગા સંબંધીને ત્યાં તથા આસપાસમાં તપાસ કરી હતી. પણ વિક્રમ ન મળતાં ગઈકાલે પોલીસને જાણ કરતાં આજીડેમ પોલીસે તુરત જ અજાણ્યા વિરૂધ્ધ અપહરણનો ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરવા કવાયત આદરી હતી.બીજી તરફ પરિવારજનોએ બાળકની શોધખોળ ચાલુ રાખી હતી. એક બાળકીએ તમારા દિકરાને શિતળાધાર તરફ જતો જોયો હતો તેમ કહેતાં એ તરફ બધા તપાસ કરવા બધા ગયા હતાં. દરમિયાન ગઈકાલે આ ખાડામાંથી એક બાળકની લાશ મળતાં આજીડેમ પોલીસ પહોંચી હતી. આ બાળક ગૂમ થયેલો વિક્રમ હોવાની ખરાઇ તેના પરિવારજનોએ કરી હતી. ૧૦૮ના ઈએમટી નિલેષભાઈએ આ બાળકને મૃત જાહેર કર્યો હતો. દોઢેક દિવસ સુધી લાશ પાણીમાં પડી રહી હોઈ ફુલાઈ ગઈ હતી. રમતાં રમતાં ડૂબી જવાથી માસુમ વિક્રમનું મૃત્યુ થયું કે અન્ય કોઈ રીતે? તે જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, વિક્રમ બે ભાઈમાં નાનો હતો. પરિવારજનોના કહેવા મુજબ તેની માનસિક હાલત પણ ઠીક નહોતી. ગૂમ થયેલા માસુમ દિકરાનો પાણીમાંથી મૃતદેહ મળતાં મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

# સરકારે સ્ટીલ અને એલ્યુમિનિયમના વાસણો માટે ISIS માર્ક ફરજિયાત કર્યું

નવી દિલ્હી, તા.૮

સરકારે રસોડામાં ઉપયોગમાં લેવાતા સ્ટેનલેસ સ્ટીલ અને એલ્યુમિનિયમના વાસણોને રાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણોને અનુરૂપ બનાવવા ફરજિયાત કર્યા છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)એ કહ્યું કે આ પગલું ઉપભોક્તા સુરક્ષા અને ઉત્પાદનની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)એ ૧૪ માર્ચે ક્વોલિટી કંટ્રોલ સંબંધિત એક આદેશ જારી કર્યો હતો, જેમાં રસોડાનાં આ વાસણો માટે આઈએસઆઈ માર્ક ફરજિયાત કરવામાં આવ્યું છે. બીઆઈએસએ પ્રોડક્ટની ક્વોલિટી અને સેફ્ટીની ખાતરી માટે ઈન્ડયિન સ્ટાન્ડર્ડ ઈન્સટીટ્યુશન ચિહ્નિત કર્યું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે 'ગ્રાહક સુરક્ષા અને ઉત્પાદનોની ગુણવત્તા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરતો આ આદેશ છે. આ નિયમોનું પાલન ન કરવા બદલ દંડ વસૂલવામાં આવશે. સ્ટેનલેસ સ્ટીલ માટે IS 14756:2022 અને એલ્યુમિનિયમના વાસણો માટે IS 1660:2024 માર્ક નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ સ્ટાન્ડર્ડમાં સામગ્રીની આવશ્યકતાઓ, ડિઝાઈન માર્ગદર્શિકા અને પ્રદર્શન માપદંડનો સમાવેશ થાય છે.'

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સતત કર્મ કરતા રહેવું એજ વિશ્રામ છે.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ સુદ-૩ ત્રીજ તિથિની વૃધ્ધિ છે, મુ. મોહરમ શરૂ તા.૮ જુલાઈ ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૧, પુણ્ય નક્ષત્ર, વજ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૧૨, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૦૮-૦૭-૨૦૨૪ થી ૧૪-૦૭-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબાંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુ:ખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુ:ખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

# નાણાં વિભાગના બે ક્લાસ-વન અધિકારીઓને સરકાર દ્વારા સમય પહેલાં જ નિવૃત્ત કરાયા

## રાજ્ય સરકાર દ્વારા ભ્રષ્ટ અધિકારીઓ વિરૂદ્ધ કડક પગલાં લેવાનો સિલસિલો જારી, છેલ્લા ૧૪ દિવસમાં ૯ અધિકારીઓને ઘરભેગા કરાયા : ત્રણ PIને પણ ઘરે બેસાડાયા

ગાંધીનગર, તા.૮

રાજકોટ અગ્નિકાંડના અત્યંત ચકચારી બનવા બાદ ગુજરાત સરકાર સતત કડક પગલાંઓ ભરી રહી છે. જેમાં અધિકારીઓ સામે ખાસ એક્શન મોડમાં હોય તેમ એક પછી એક અધિકારીઓને ઘરભેગા કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ એક ઉચ્ચ અધિકારીને ઘરે બેસાડ્યા બાદ વધુ અધિકારીઓ માટે આદેશો જારી કરાયા છે.

ગતરોજ ૪ જુલાઈએ એક સાથે ત્રણ પીઆઈને ફરજિયાત નિવૃત્તિના આદેશ કરવામાં આવ્યા હતા. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ ત્રણેય પીઆઈને નિવૃત્ત કરવાના આદેશ કરવામાં આવ્યા છે. જેમાં હથિયારી PI એફએમ કુરેશી, ડી.ડી ચાવડા અને આર.આર બંસલને ફરજિયાત નિવૃત જાહેર કરી દેવામાં આવ્યા છે તો હવે આજે સરકારના નાણાં વિભાગના બે કલાસ વન અધિકારીને સમય પહેલાં નિવૃત્ત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,આ ત્રણેય અધિકારીઓ સામે એસીબીના કેસો ચાલતા હતા. જેને લઈને તેમના પર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય કેટલીક ગેરરીતિઓ પણ સામે આવી હતી. એક અઠવાડિયામાં પાંચ અધિકારીઓને રાજ્ય સરકારે ફરજિયાત નિવૃત્ત કર્યા છે. એક અઠવાડિયામાં પાંચ અધિકારીઓને સરકારે ફરજિયાત નિવૃત્ત કર્યા છે. જ્યારે રાજ્ય સરકારના નાણાં વિભાગ અંતર્ગતના નાયબ રાજ્ય વેરા કમિશનર કલાસ-૧ના બે અધિકારીઓ ડી.પી.નેતા અને સસ્પેન્ડેડ અધિકારી એસ.એચ. ગાંધીને તેમની સેવાઓમાંથી તાત્કાલિક અસરથી એટલે તારીખ ૫ જુલાઈ બપોર બાદ અપરિપક્વ નિવૃત્ત એટલે કે નિવૃત્તિના સમય પહેલા જ રિટાયર્ડ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ગુજરાત વહીવટી સેવા સંવર્ગ GAS(સિનિયર સ્કેલ) અધિકારી એસ.જે.પંડ્યાને પણ ૫ જુલાઈ ૨૦૨૪ બપોર બાદ તાત્કાલિક અસરથી રાજ્ય સેવામાંથી જાહેર હિતમાં નિવૃત્તિના સમય પહેલા જ નિવૃત્ત કરી દેવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. તેઓ સામે ચાર જેટલી ચાર્જશીટ થઈ હતી અને દાહોદમાં એફઆઈઆર પણ થઈ હતી.

વર્ષ ૨૦૨૧માં અમદાવાદ શહેરમાં રખડતા ઢોરો મુદ્દે અવારનવાર ગુજરાત હાઈકોર્ટ મ્યુનિસિપલ કોર્પોરેશનને ખખડાવતી હતી. જોકે ભ્રષ્ટાચાર કરી રખડતા ઢોરો પકડવામાં આવતાં ન હતાં. દર મહિને ગાયો નહીં પકડવા અને છોડવાને લઈ લાખો રૂપિયાના હપ્તા અધિકારીઓ દ્વારા લેવામાં આવે છે, જેની ફરિયાદ ગુજરાત એસીબીને મળતાં અમદાવાદ એસીબીની ટીમે મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે આ રખડતા ઢોર વિભાગમાં પીઆઈ તરીકે ફરજ બજાવતા એફ.એમ કુરેશીને રૂા. ૧૦હજારની લાંચ લેતાં રંગે હાથે ઝડપી પાડ્યા છે. ગાયો નહિ પકડવાના હપ્તા અને દિવાળી બોનસ પેટે ફરિયાદી પાસે રૂા. ૨૦ હજારની લાંચ માગી હતી, જેથી એસીબીએ એરપોર્ટ સર્કલ પાસે આવેલી એરપોર્ટ ઈનવન હોટલના ટેરેસ ઉપર ટ્રેપ ગોઠવી અને પીઆઈ કુરેશીને લાંચ લેતાં ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.

વર્ષ ૨૦૨૦ના ડિસેમ્બરમાં જૂનાગઢ એસીબીના તત્કાલીન પી.આઈ. ડી.ડી. ચાવડા ઓફિસ કામથી અમદાવાદ ખાતે ACBની વડી કચેરીએ આવ્યા હતા. કચેરીમાં કામ પૂર્ણ કર્યા પછી જૂનાગઢ જવા નીકળ્યા હતા. આ દરમ્યાન સનાથલ ચોકડી પાસે તેમને નિશ્ચિત વ્યક્તિઓ મળી હતી અને મિઠાઈના બોક્સ આપ્યાં હતાં. પી.આઈ. ચાવડાએ જેવા બોક્સ સ્વિકાર્યા તે સાથે જ અમદાવાદ ACBની ટીમે તેમને ઘેરી લીધાં હતાં. વર્ષ ૨૦૧૮માં જૂનાગઢ ACBમાં ગૌચર જમીનના કેસમાં પૂર્વ સરપંચને આરોપીના બદલે સાક્ષી તરીકે લેવાના મુદ્દે લાંચ માગવામાં આવી હતી. ગૌચર જમીન કેસમાં પોરબંદરથી બે-ત્રણ અરજી આવી હતી તેનો નિકાલ કરવા માટે કુલ રૂા.૨૦ લાખ મગાયા હતા, તેમાં નક્કી થયેલા રૂા.૧૮ લાખ સ્વિકારતાં જૂનાગઢ ACB પી.આઈ. ડી.ડી. ચાવડા અમદાવાદ ACBના હાથે ઝડપાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા છેલ્લા સરકારમા ૧૪ દિવસમા ઈજનેરી કેડરમા સુપર ક્લાસ-૧ જે.જે. પંડ્યા, સહકારી કેડરમાં કલાસ-૧ મનોજ એસ. લોખંડે, TDO બી.બી.સોલંકી, ૩ પોલીસ ઈન્સ્પેક્ટર- PI, એક GAS, સેલ્સટેક્સના બે ક્લાસ-૧ એમ કુલ મળી ૯ ઓફિસરો સામે પ્રિમેચ્યોર રિટાયર્મેન્ટનો કોરડો વીંઝ્યો છે.

ગુજરાત સરકારમાં પહેલી વખત વર્ષ-૨૦૨૨ના રૂલ્સ હેઠળ જેમની સામે ખાતાકીય તપાસ ચાલતી હોય, શિક્ષાત્મક પગલાં લેવાયા હોય તેવા અધિકારીઓ માટે ૫૦-૫૫ વર્ષે સમીક્ષા કરી ફરજિયાત નિવૃતિ આપવાની નીતિ ગત વર્ષે ડિસેમ્બરમાં અમલમાં મૂકાઈ હતી. જેના હેઠળ લોકસભા ચૂંટણી બાદ જૂન મહિનામાં આવેલા રિપોર્ટને આધારે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### રાજકોટ માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં ફરી એકવાર ભાજપ સામે ભાજપના જ ઉમેદવારો

# ભાજપમાં સહકાર ક્ષેત્રની ચૂંટણીઓમાં જૂથવાદ ચરમસીમાએ : રાજકોટમાં બે મંત્રીઓ વચ્ચે સ્પર્ધા

## બળવાની શકયતા વચ્ચે આખરે ફરી એકવાર રાદડિયા જૂથનો દબદબો યથાવત




ગાંધીનગર, તા.૮

શિસ્તબદ્ધ પાર્ટીના દાવા કરનાર ભાજપમાં હવે શિસ્ત જેવું કંઈ રહ્યું નથી. ભાજપના નેતાઓ હવે બિન્દાસ્ત રીતે જૂથવાદ તથા પોતીકાઓને સાચવવા કામો કરી રહ્યા છે. જેમાં સહકાર ક્ષેત્રની તાજેતરની ચૂંટણીઓમાં ભાજપ હાઈકમાન્ડના મેન્ડેટને અવગણી ભાજપના જ નેતાઓ ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ ફરી એકવાર રાજકોટમાં આવું જ કંઈક થયું છે. રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને વાઈસ-ચેરમેનની ચૂંટણીમાં ભાજપ સામે ભાજપના જ ઉમેદવારો મેદાનમાં આવતાં બળવાની શક્યતા વચ્ચે ફરી એક વખત રાદડિયા જૂથનો દબદબો યથાવત્ રહ્યો છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને વાઈસ-ચેરમેનની પ્રથમ અઢી વર્ષની મુદત પૂરી થતાં ચૂંટણી કરવામાં આવી હતી. આ ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ ભાજપના જ બે પૂર્વ મંત્રીનાં જૂથ દ્વારા લોબિંગ શરૂ કરવામાં આવ્યું હતું. જેને લઈને ચર્ચાઓ શરૂ થવા સાથે રાજકીય માહોલ ગરમાયો છે. ચેરમેન પદ માટે વર્તમાન પ્રમુખ જયેશ બોઘરાને રિપીટ કરાવવા રાદડિયા જૂથે લોબિંગ કર્યું હતું. જ્યારે અરવિંદ રૈયાણી જૂથ દ્વારા ચેરમેન તરીકે સહકારી આગેવાન પુરૂષોત્તમ સાવલિયાને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. એમાં પહેલેથી જ જયેશ બોઘરાનું પલડું ભારે માનવામાં આવતું હતું અને એ મુજબ પ્રદેશ ભાજપના મેન્ડેટ મુજબ ચેરમેન પદ ઉપર જયેશ બોઘરાને રિપીટ કરવામાં આવ્યા છે. જ્યારે વાઈસ-ચેરમેન પદ પર સર્વાનુમતે વિજય કોરાટની નિમણૂક કરવામાં આવી છે. આ પહેલાં રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને વાઈસ-ચેરમેન માટે સેન્સ પ્રક્રિયા લેવામાં આવી હતી. જેમાં જામનગર અને જૂનાગઢના ભાજપના સિનિયર આગેવાનો નિરીક્ષક તરીકે રાજકોટ આવ્યા હતા અને સહકારી આગેવાનોની સેન્સ લીધી હતી. જેમાં વર્તમાન ચેરમેન જયેશ બોઘરા, પુરૂષોત્તમ સાવલિયા અનેર વિજય કોરાટનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે માર્કેટિંગ યાર્ડના ચેરમેન માટે ભાજપના જ બે પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી અને જયેશ રાદડિયા જૂથ વચ્ચે હરીફાઈ હતી. જયેશ બોઘરા રાજકોટ માર્કેટિંગ યાર્ડના ૨૧માં ચેરમેન અને વિજય કોરાટ ૨૧માં વાઈસ-ચેરમેન બન્યા છે. દર વર્ષે બજાર નિયંત્રણ સંઘ દ્વારા સૌથી વધુ આવક ધરાવતા ૧૦ માર્કેટ યાર્ડને એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ માર્કેટ યાર્ડની વાર્ષિક કુલ આવક ઉપર આપવામાં આવે છે, જેમાં આ વર્ષે ત્રીજા નંબરનો એવોર્ડ રાજકોટ માર્કેટ યાર્ડને આપવામાં આવ્યો છે અને એમાં આ વર્ષે રાજકોટ માર્કેટ યાર્ડની કુલ આવક ૩૭ કરોડ રૂપિયા થતાં ત્રીજા સ્થાને પસંદગી થઈ છે.

## રાજકોટના કૂવાડવામાં દુકાનમાં ચાલતી નકલી સ્કૂલ ઝડપાઇ !!

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં નકલી અધિકારી, નકલી સરકારી કચેરી, નકલી ટોલનાકું, નકલી ઘી બાદ હવે રાજકોટમાં નકલી સ્કૂલ ચાલુ હોવાનો ઘટસ્ફોટ થયો છે. રાજકોટમાં કોઈપણ માન્યતા વગરની સ્કૂલ ચાલતી હોવાનો પર્દાફાશ થતા ખળભળાટ મચી જવા પામ્યો છે. સ્કૂલને લઈને અનેક ચોંકવાનારા ખુલાસા થયા છે. રાજકોટમાં કુવાડવા તાલુકામાં આવેલા માલિયાસણ પીપળીયા ગામમાં જે પ્રિ-પ્રાયમરી સ્કૂલ પકડાય છે તે એક, બે નહીં પણ છેલ્લા છ વર્ષથી ધમધમતી હતી. આ ઉપરાંત ચોંકાવનારી વાત એ છે કે આ સ્કૂલ દુકાનમાં ચાલતી હતી. તેમ છતાં શિક્ષણ વિભાગના ધ્યાનમાં આવ્યું ન હતું. ત્યારે હવે શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપર પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. દૂકાનમાં ક્લાસ બનાવીને માન્યતા વગર જ ગૌરી પ્રિ-પ્રાયમરી નામની સ્કૂલમાં બાળકોને ભણાવવામાં આવી રહ્યા હતા. જો કે આ સ્કૂલ સંચાલક આર.સી ધડુકે સ્કૂલ નહીં પણ ટ્યુશન ક્લાસ હોવાની વાત કહી છે. જો કે સ્કૂલના નકલી પરિણામ ઉપર કોઈ જવાબ આપ્યો ન હતો. સૂત્રો પાસેથી એવી પણ વિગતો સામે આવી છે કે સ્કૂલમાં પહેલા ધોરણથી ૧૦ ધોરણ સુધી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા હતા. આ સ્કૂલમાંથી એક વિદ્યાર્થીએ લિવિંગ સર્ટિફિકેટ ન આપતા નકલી સ્કૂલનો ભાંડો ફૂટ્યો હતો. જો કે શિક્ષણ વિભાગના અધિકારીઓને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે શાખ બચાવવા માટે તાત્કાલિક દોડી ગયા હતા અને સ્કૂલને સીલ કરી દીધી હતી. આ મામલે પોલીસને પણ જાણ કરવામાં આવી છે.

# હાઈકોર્ટના નિર્ણયને પડકારવા નીતિશ સરકાર પહોંચી સુપ્રીમ કોર્ટ, અનામત વધારીને ૬૫ ટકા કરવાની માંગ



પટના તા.૮

નીતિશ સરકારે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. પછાત વર્ગો માટે ૬૫ ટકા અનામતને રોકવાના પટના હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. પટના હાઈકોર્ટે બિહારમાં સંશોધિત અનામત કાયદાને રદ્દ કરી દીધો હતો. આ નિર્ણય સામે બિહાર સરકારના વકીલ મનીષ સિંહે અરજી દાખલ કરીને દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોના ક્વોટાને ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાની માંગ કરી હતી. તેજસ્વી યાદવે આ આરોપો લગાવ્યા હતા વિપક્ષ સતત આરોપ લગાવી રહ્યો છે કે, નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ(NDA) સરકાર બિહારમાં અનામત વધારવા માંગતી નથી પણ ભાજપ અનામત સાથે રમવા માંગે છે. થોડા દિવસો પહેલા તેજસ્વી યાદવે કહ્યું હતું કે, અમને પહેલાથી જ શંકા હતી કે ભાજપના લોકો કોઈપણ સંજોગોમાં અનામત રોકવાનું કામ કરશે. અમે ચૂંટણી પ્રચારમાં પણ કહ્યું હતું કે, ભાજપના લોકો અનામત વિરોધી છે. વિપક્ષના આ આરોપો વચ્ચે NDA સરકારના સુપ્રીમ કોર્ટના પગલાને વિરોધીઓને જવાબ માનવામાં આવી રહ્યો છે. ૨૦ જૂને પટના હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો. ૨૦ જૂનના રોજ, પટના હાઈકોર્ટે બિહાર સરકારના અનુસૂચિત જાતિ, જનજાતિ, અતિ પછાત અને અન્ય પછાત વર્ગોને ૬૫% અનામત આપતો કાયદો રદ કર્યો હતો. પટના હાઈકોર્ટે તેને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. એટલે કે હવે અનુસૂચિત જાતિ, જનજાતિ, અતિ પછાત અને અન્ય પછાત વર્ગોને શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં ૬૫% અનામત નહીં મળે. ૫૦ ટકા અનામતની જૂની વ્યવસ્થા અમલમાં છે. ૨૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ, બિહાર સરકારે રાજપત્ર પ્રકાશિત કર્યું હતું. બિહાર સરકારે આરક્ષણ સુધારા બિલ દ્વારા અનામતનો વિસ્તાર વધારીને ૬૫ ટકા કર્યો હતો. જેથી આર્થિક રીતે નબળા વર્ગને આપવામાં આવેલ ૧૦ ટકા આરક્ષણ ઉમેરતા તેમને કુલ ૭૫ ટકા અનામતનો લાભ મળશે. ૨૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ, બિહાર સરકારે આ અંગેનું રાજપત્ર પ્રકાશિત કર્યું હતું. આ પછી, SC/ST, OBC અને OBCને શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીઓમાં ૬૫% અનામતનો લાભ મળતો હતો.

# ૨૦૨૫માં શિક્ષણ બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ કરવાનો નિર્ણય

અમદાવાદ, તા.૮

શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નું એકેડેમિક કેલેન્ડર જાહેર કરાયું છે. કેલેન્ડર અનુસાર ૨૦૨૫ની બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચના બદલે ફેબ્રુઆરીમાં શરૂ કરવાનું નક્કી કરાયું છે. આગામી બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને ૧૩ માર્ચના રોજ પુર્ણ થશે. દરવર્ષે બોર્ડની પરીક્ષા માર્ચમાં શરૂ કરવામાં આવે છે, પંરતુ આ વખતે માર્ચના બદલે ફેબ્રુઆરીથી જ પરીક્ષા શરૂ કરી દેવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નું એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એકેડેમિક કેલેન્ડર અનુસાર પ્રથમ શૈક્ષણિક સત્રનો ૧૩ જૂનથી પ્રારંભ થયો છે અને ૨૭ ઓક્ટોબર સુધી ચાલનારા પ્રથમ સત્રમાં ૧૦૮ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. જ્યારે ૨૮ ઓક્ટોબરથી ૧૭ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારબાદ ૧૮ નવેમ્બરથી દ્વીતીય સત્રનો પ્રારંભ થશે, જે ૪ મે સુધી ચાલશે. દ્વીતીય સત્રમાં ૧૩૫ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. આમ ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રથમ સત્ર અને દ્વીતીય સત્ર મળીને કુલ ૨૪૩ દિવસ અભ્યાસના નક્કી કરવામાં આવ્યા છે. જેમાંથી ૬ સ્થાનિક રજા બાદ કરતા ૨૩૭ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. પ્રથમ સત્રમાં હાલમાં ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાઓ ચાલી રહી છે. આ પુરક પરીક્ષાઓ પુર્ણ થયા બાદ ધોરણ૯થી ૧૨ની તમામ પ્રવાહની પ્રથમ પરીક્ષા ૧૪ ઓકટોબરથી ૨૩ ઓક્ટોબર દરમ્યાન લેવામાં આવશે. ત્યારબાદ પ્રિલિમ-દ્વીતીય પરીક્ષા ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫થી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ દરમ્યાન લેવામાં આવશે. પ્રખરતા શોધ કસોટી ૩૦ જાન્યુઆરીના રોજ લેવાશે. ધોરણ૧૦ અને ૧૨ની બોર્ડના વિષયોની શાળા કક્ષાએ લેવાની પરીક્ષા ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૪ ફેબ્રુઆરીના રોજ પુર્ણ કરી દેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગીક પરીક્ષા ૬ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને ૧૪ ફેબ્રુઆરી સુધી પ્રાયોગીક પરીક્ષા પુર્ણ કરવાનું આયોજન કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૨૫માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા વહેલી યોજવાનો નિર્ણય કરાયો છે. અત્યાર સુધી બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચ માસમાં શરૂ કરવામાં આવતી હતી અને માર્ચમાં પરીક્ષા પુર્ણ થતી હતી. પરંતુ આ વખતે બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રઆરીથી જ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે. જે ૧૩ માર્ચના રોજ પુર્ણ થશે. ત્યારબાદ ધોરણ-૯ અને ૧૧ની શાળાકીય વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી શરૂ થશે અને ૧૯ એપ્રિલના રોજ પુર્ણ થશે.

# 'રાજકીય કેદીઓ' જેમના માટે ન્યાય પ્રક્રિયા જ સજા બની ગઈ છે

(એજન્સી) તા.૮

છેલ્લા ૧૦ વર્ષમાં વર્તમાન સરકારમાં 'રાજકીય કેદીઓ' જેલમાં નાખવામાં આવ્યા છે જેઓ અનિશ્ચિત સમય માટે જેલના સળિયા પાછળ છે, તેમની ટ્રાયલ હજુ પણ બાકી છે.

**મોદી યુગના ૧૦ 'રાજકીય કેદીઓ' :**

કાશ્મીરથી પૂણે સુધી, CAANRC વિરોધથી લઈને દિલ્હી રમખાણોના આરોપીઓથી લઈને કુખ્યાત ભીમા કોરેગાંવ કેસમાં ધરપકડ સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યાલયના સમયમાં સંખ્યાબંધ 'રાજકીય કેદીઓ' જેલમાં નાખવામાં આવ્યા છે જેઓ અનિશ્ચિત સમય માટે જેલના સળિયા પાછળ છે, તેમની ટ્રાયલ હજુ પણ બાકી છે. ૨૦૧૬ અને ૨૦૨૦ની વચ્ચે, ૨૪,૧૩૪ વ્યક્તિઓ ઉપર ગેરકાનૂની પ્રવૃતિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે, જેમાંથી માત્ર ૩૮૬ જ નિર્દોષ જાહેર થયા છે. આ મોદી શાસનના ૧૦ હાઈ-પ્રોફાઈલ રાજકીય કેદીઓની વાર્તા છે.


**ઉમર ખાલિદ :** જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી નેતા ઉમર ખાલિદની સપ્ટેમ્બર ૨૦૨૦માં ફેબ્રુઆરી ૨૦૨૦માં થયેલા દિલ્હી રમખાણો પહેલા તેમના ભાષણો દ્વારા લોકોને ઉશ્કેરવા બદલ સપ્ટેમ્બર ૨૦૨૦માં ધરપકડ કરવામાં આવી હતી. તેને જામીન વિના અટકાયતમાં રાખવામાં આવ્યો હતો, તેના સમર્થકો દાવો કરે છે કે તેમની સામેના આરોપો રાજકીય રીતે પ્રેરિત છે અને તે અસંમતિને શાંત કરવાનો હેતુ છે. તે દિલ્હીની તિહાર જેલમાં કેદ છે.

**સુરેન્દ્ર ગાડલિંગ :** નાગપુરના વકીલ અને દલિત અધિકાર કાર્યકર્તા સુરેન્દ્ર ગાડલિંગની યુએપીએ હેઠળ ભીમા કોરેગાંવ કેસના સંબંધમાં જૂન ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી. કાયદાકીય પ્રક્રિયાની નિષ્પક્ષતા અંગે વ્યાપક ચિંતાઓ અને તેની ધરપકડ પાછળ રાજકીય હેતુ હોવાના આક્ષેપો વચ્ચે કાવતરૂ અને રાજદ્રોહ સહિતના આરોપો હેઠળ તેને વર્ષો સુધી ટ્રાયલ વિના અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. તે નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં કેદ છે.

**રોના વિલ્સન :** રાજકીય કેદીઓની મુક્તિ માટેની સમિતિના કાર્યકર અને જનસંપર્ક સચિવ રોના વિલ્સનની ભીમા કોરેગાંવ કેસના સંબંધમાં જૂન ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી. તેના પર ભારતીય દંડ સંહિતા અને UAPAની વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. તેમના ઉપર ભાષણો દ્વારા જાતિ આધારિત હિંસા ભડકાવવાનો અને માઓવાદી કનેક્શન હોવાનો આરોપ છે. તે નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં કેદ છે.

**જ્યોતિ જગતાપ :** દલિત અને આદિવાસી અધિકાર કાર્યકર્તા અને કબીર કલા મંચ સાંસ્કૃતિક જૂથના સભ્ય જ્યોતિ જગતાપની સપ્ટેમ્બર ૨૦૨૦માં ભીમા કોરેગાંવ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. તેણીની લાંબી અટકાયત અંગે ચાલી રહેલી કાનૂની કાર્યવાહી અને ચિંતાઓ વચ્ચે તેણી ઉપર IPC અને UAPAની વિવિધ કલમો હેઠળ આરોપો છે. તે મુંબઈની ભાયખલા મહિલા જેલમાં કેદ છે.

**હની બાબુ :** દિલ્હી યુનિવર્સિટીના ભાષાશાસ્ત્રના પ્રોફેસર હાની બાબુની ભીમા કોરેગાંવ કેસના સંબંધમાં જુલાઈ ૨૦૨૦માં




ધરપકડ કરવામાં આવી હતી. માઓવાદી સંગઠનો સાથે સંબંધ ધરાવતા અને જાતિ આધારિત હિંસા ભડકાવવાના આરોપો સાથે UAPA હેઠળ તેમની અટકાયત કરવામાં આવી હતી. તે નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં કેદ છે.

**સાગર ગોરખે :** એક ગાયક, દલિત અધિકાર કાર્યકર્તા અને કબીર કલા મંચ સાંસ્કૃતિક જૂથના સભ્ય સાગર ગોરખેની સપ્ટેમ્બર ૨૦૨૦માં ભીમા કોરેગાંવ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. તેના સાથી કાર્યકરો સાથે, તેને IPC અને UAPAની વિવિધ કલમો હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યો છે, માઓવાદી સંગઠનો સાથે સંબંધ હોવાના આરોપો પણ છે. તે નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં કેદ છે. મહેશ રાઉત : જમીન અધિકાર કાર્યકર્તા અને પૂર્વ વડાપ્રધાન ગ્રામીણ વિકાસ સાથી મહેશ રાઉતની ભીમા કોરેગાંવ કેસના સંબંધમાં જૂન ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી. તેના ઉપર માઓવાદી સંગઠનો સાથે કથિત સંબંધો અને જાતિ આધારિત હિંસા ભડકાવવા બદલ UAPA હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. રાઉતના સમર્થકોએ આરોપ લગાવ્યો છે કે નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં તેમને યોગ્ય તબીબી સહાયનો ઈન્કાર કરવામાં આવ્યો છે.

**રમેશ ગાયચોર :** દલિત અધિકાર કાર્યકર્તા અને કબીર કલા મંચ સાંસ્કૃતિક જૂથના અન્ય સભ્ય રમેશ ગાયચોરની સપ્ટેમ્બર ૨૦૨૦માં ભીમા કોરેગાંવ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમના સાથી કાર્યકરોની સાથે, તેમને કડક આરોપો હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા છે, જેમાં UAPA હેઠળના આરોપો સહિત, તેઓને ટ્રાયલ વિના લાંબી જેલની સજાનો સામનો કરવો પડ્યો છે. તે નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં કેદ છે.

**આસિફ સુલતાન :** કાશ્મીરી પત્રકાર અને 'કાશ્મીર નેરેટર મેગેઝીન'ના પૂર્વ સંપાદક આસિફ સુલતાનને ઓગસ્ટ ૨૦૧૮માં UAPA હેઠળ કાશ્મીરમાં ''રાજ્ય સામે યુદ્ધ છેડવા'' સહિતના આરોપો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તેમની અટકાયતથી આ પ્રદેશમાં પ્રેસની સ્વતંત્રતા અંગે વ્યાપક ચિંતાઓ ફેલાઈ હતી, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ તેમની મુક્તિની હિમાયત કરી હતી. તે ઉત્તર પ્રદેશની આંબેડકર નગર જેલમાં કેદ છે.

**ખુર્રમ પરવેઝ :** કાશ્મીરી માનવાધિકાર કાર્યકર્તા અને એશિયન ફેડરેશન અગેઈન્સ્ટના અધ્યક્ષ ખુર્રમ પરવેઝની નવેમ્બર ૨૦૨૧માં UAPA હેઠળ રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેના ઉપર આતંકવાદને ભંડોળ પૂરૂ પાડવા અને રાજ્ય વિરૂધ્ધ કાવતરૂ ઘડવાનોર આરોપ છે, જે આરોપોની રાજકીય રીતે પ્રેરિત તરીકે માનવાધિકાર સંસ્થાઓ દ્વારા વ્યાપકપણે ટીકા કરવામાં આવી છે. તે દિલ્હીની રોહિણી જેલમાં કેદ છે.

# ચોમાસા દરમ્યાન ધાધરના કેસમાં વધારો

## ચોમાસામાં ગરમી તથા ભેજવાળા વાતાવરણને લીધે ધાધરનો રોગ વધુ ફેલાય છે

ધાધર ફુગને કારણે થતો ચેપી રોગ છે જેમાં શરીર ઉપર ચકામાં થાય છે અને તેમાં ખંજવાળ આવે છે. હાલના સમયમાં આ રોગનો ફેલાવો ખુબજ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહયો છે અને તે એક હઠીલી માંદગી થઈ ગઈ છે.

શરીર ઉપર જે ભાગમાં પરસેવો વધુ થાય તે ભાગમાં ધાધર થવાની શકયતા વધુ રહે છે. જેમ કે ગળાનો ભાગ, બગલ, સાથળની અંદર તરફનો ભાગ વગેરે. સમયસર સારવાર ન કરવામાં આવે તો ધાધર શરીરના અન્ય ભાગમાં પણ ઝડપથી ફેલાય છે. ધાધરના ફેલાવામાં મોટાભાગે દર્દીની રોગપ્રતિકારક શક્તિ જવાબદાર હોય છે. તેમજ તેના કામ અને પરસેવો, પહેરવેશ, લાઈફ સ્ટાઈલ આ બધા પરિબળો એના પર કામ કરતા હોય છે. શરીરે થતી ધાધરને ટીન્યા કોરપોસીસ, સાથરમાં થતી ધાધરને ટીન્યા ક્રુકીસ અને નખમાં થતી ધાધરને ટીન્યા અંગુઅમ કહેવામાં આવે છે. માથામાં થતી ધાધરને ટીન્યા કેપીટીસ કહેવામાં આવે છે. એમ અલગ અલગ પ્રકારનો ધાધર હોય છે. ધાધર એક વ્યક્તિને સંપુર્ણપણે મટે નહીં ત્યાં સુધી તો ઘરમાં બીજા કોઈ વ્યક્તિને અથવા તો સહકર્મચારીને આ ચેપ લાગુ પડી જતો હોય છે.

કેટલાક લોકો ઘરેલું ઉપાયોથી ધાધરને મટાડવામાં લાગી જાય છે પરંતુ ખાસ કંઈ ફરક પડતો નથી. ઘણીવાર આ ઉપયોગથી ધાધર મટી જાય છે, પરંતુ ફરીથી થઈ જાય છે. જે લોકોને આ સમસ્યા હોય તેમણે ડરવાની કોઈ જરૂર નથી. ધાધર થાય ત્યારે સૌ પ્રથમ તો ચામડીના રોગોના નિષ્ણાંત ડોકટર પાસે જઈને એની સલાહ અને સારવાર લેવી જોઈએ.



**ધાધર દરમ્યાન શું સંભાળ રાખવી જોઈએ?**

- તમારી ત્વચા સ્વચ્છ અને સુકી રાખો.
- ચેપવાળા ભાગને ખંજવાળવાનું ટાળો.
- એકબીજાના સાબુ, ટુવાલ, કપડા વાપરવાનું ટાળો.
- ઢીલા સુતરાઉ કપડા પહેરો અને દરરોજ બદલો.
- કપડા તડકામાં સુકવો અને ઈસ્ત્રી કરીને પહેરો.
- ક્રીમ ચકામાની સાથે તેની સક્રિય સીમથી ર સેમી. અંતર સુધી લગાવો.
- રાહત થાય તો પણ અધવચ્ચે સારવાર બંધ ન કરશો.
- પરિવાર કે સાથે રહેતી કોઈ વ્યક્તિ ધાધરના લક્ષણો ધરાવતા હોય તો તેમનો ઉપચાર કરવો જરૂરી છે.

**- ડો.કેયુર ચોવટીયા**
**ન્યુલુક હોસ્પિટલ, જૂનાગઢ.**

# વિસાવદરમાં બેંક ઓફ બરોડા પાસે ગંદકી રાજથી લોકો પરેશાન



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૮

વિસાવદરની ગાઠાણી હોસ્પિટલ અને બેંક ઓફ બરોડાની બાજુમાં કચરાઓના ઢગલાઓ જાણે મચ્છરોનો ઉપદ્રવ કરવો હોય એવું લાગી રહ્યું છે. બેંક ઓફ બરોડા અને ગાંઠાણી હોસ્પિટલની બાજુમાં આવેલી જમીન ઉપર ગંદકીરાજથી લોકો ભારે પરેશાની અનુભવી રહ્યા છે અને હોસ્પિટલ અને બેંકમાં ભારે પ્રમાણમાં લોકોની અવરજવર ચાલુ જ હોય છે. સાથે સાથે ત્યાં હીરાનું કારખાનું છે અને તેમાં ભારે સંખ્યામાં કારીગરો આવે છે તેમજ આસપાસના વિસ્તારોમાં ધંધાર્થીઓ પણ છે. આ બધાનું સ્વાસ્થ્ય જોખમમાં છે પણ સતાધીશોને આમાં મલાઈ ના મળે એટલે રસ ના હોય એક તો આખા ગામમાં રસ્તાઓથી લોકો હેરાન પરેશાન છે તેમાં આવા ગંદકી ભર્યા કચરાના ઢગલાઓથી લોકો બિમારીનો ભોગ પણ બની રહ્યા છે. હોસ્પિટલ અને બેંકની બાજુમાં જ ગંદવાડ વિસાવદરમાં બેંક ઓફ બરોડા અને ગાંઠાણી હોસ્પિટલની બાજુમાં આવેલી જમીન ઉપર ગંદકીરાજથી લોકો ભારે પરેશાની અનુભવી રહ્યા છે અને હોસ્પિટલ અને બેંકમાં ભારે પ્રમાણમાં લોકોની અવરજવર ચાલુ જ હોય છે. સાથે સાથે ત્યાં હીરાનું કારખાનું છે અને તેમાં ભારે સંખ્યામાં કારીગરો આવે છે તેમજ આસપાસના વિસ્તારોમાં ધંધાર્થીઓ પણ છે. આ બધાનું સ્વાસ્થ્ય જોખમમાં છે પણ સતાધીશોને આમાં મલાઈ ના મળે એટલે રસ ના હોય એક તો આખા ગામમાં રસ્તાઓથી લોકો હેરાન પરેશાન છે તેમાં આવા ગંદકી ભર્યા કચરાના ઢગલાઓથી લોકો બિમારીનો ભોગ પણ બની રહ્યા છે.

### ઈલેક્ટ્રોરલ બોન્ડ્સનો મામલો

# રાજકીય પક્ષોએ ઈલેક્ટ્રોરલ બોન્ડ્સથી મેળવેલા નાણાંને જપ્ત કરવાની દાદ માંગતી અરજી દાખલ

## સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં વર્ષ ૨૦૧૮ની ઈલેક્ટ્રોરલ બોન્ડ્સ સ્કીમને ગેરકાયદેસર ઠેરવી હતી

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટે ઈલેકટોરલ બોન્ડને ગેરબંધારણીય ગણાવી તેના પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના CJI ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષમાં રહેલી બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવી રહી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે માત્ર ઈલેક્ટોરલ બોન્ડને ગેરકાયદેસર ગણાવ્યા નથી, પરંતુ અત્યાર સુધીમાં કેટલા લોકોએ ચૂંટણી બોન્ડ ખરીદ્યા અને કઈ પાર્ટીઓને દાન આપવામાં આવ્યું છે તેની માહિતી પણ સાર્વજનિક કરવા પણ કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે અગાઉ આ માટે SBIને ત્રણ અઠવાડિયાનો સમય પણ આપ્યો હતો.

ઈલેક્ટ્રોરલ બોન્ડ્સ દ્વારા વિવિધ રાજકીય પક્ષોને મળેલા નાણાંને જપ્ત કરવાની માંગ કરતી એક અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં વર્ષ ૨૦૧૮ની ઈલેક્ટ્રોરલ બોન્ડ્સ સ્કીમને ગેરકાયદેસર ઠેરવી હતી. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના CJI ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષમાં રહેલી બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવી હતી.

ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે ઈલેકટોરલ બોન્ડને ગેરબંધારણીય ગણાવી તેના પર પ્રતિબંધ મૂકી દીધો હતો. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના સીજેઆઈડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષમાં રહેલી બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવી રહી હતી. સુપ્રીમ કોર્ટે માત્ર ઈલેકટોરલ બોન્ડને ગેરકાયદેસર ગણાવ્યા નથી, પરંતુ અત્યાર સુધીમાં કેટલા લોકોએ ચૂંટણી બોન્ડ ખરીદ્યા અને કઈ પાર્ટીઓને દાન આપવામાં આવ્યું છે તેની માહિતી પણ સાર્વજનિક કરવા પણ કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે આ માટે એસબીઆઈને ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટ આ મામલે ચાર અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. સીજેઆઈ ડી.વાય. ચંદ્રચુડના નેતૃત્વમાં ૫ ન્યાયાધીશોની બંધારણીય બેંચ ગયા વર્ષથી આ કેસની સુનાવણી કરી રહી હતી. આ બેંચમાં જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ હતા. કેન્દ્ર સરકારે ૨૯ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું હતું. સુપ્રીમ કોર્ટે ૩૧ ઓક્ટોબર ૨૦૨૩થી ૨ નવેમ્બર ૨૦૨૩ સુધી એમ ત્રણ દિવસ સુધી તમામ પક્ષકારોને સાંભળ્યા હતા અને પછી ચુકાદો આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે ચૂંટણી બોન્ડ યોજના પારદર્શિતાના અભાવ, દાતાઓની ગુમનામી અને રાજકીય પક્ષો પર ધનિક વ્યક્તિઓ અને કંપનીઓના પ્રભાવને કારણે લોકશાહી માટે ખતરો છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે આ યોજના કાયદા હેઠળ સ્થાપિત વર્તમાન નિયમનકારી માળખાને નબળી પાડે છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં ફાઈનાન્સ બિલ દ્વારા ચૂંટણી બોન્ડ રજૂ કરવામાં આવ્યા હતા. સરકારે તેનો અમલ ૨ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ કર્યો હતો.

## ટ્રાફીક સમસ્યા હલ થતા રાયજીનગરના પ્રતિનિધિઓએ પોલીસ તંત્રનો આભાર માન્યો

જૂનાગઢ તા. ૮

જૂનાગઢ રાયજીનગરના પ્રતિનિધિઓ પ્રમુખ મહેશભાઈ ભટ્ટ, સેક્રેટરી જમનભાઈ ચૌહાણ, ખજાનચી અશોકભાઈ પ્રિતમાણી, કારોબારી સભ્ય શૈલેષભાઈ રવૈયા, અશ્વિનભાઈ મારવાણીયા, કિશોરભાઈ વાળા, મનહરભાઈ ઓતવાણી તથા સંજયભાઈ મહેમદાવાદીએ જૂનાગઢ જીલ્લા પોલીસ વડાને લેખિત પત્ર પાઠવી જણાવેલ છે કે, પુર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોષીએ ટેલીફોનીક રજુઆત કરી રાયજીનગર સોસાયટીના મુખ્ય પ્રવેશ માર્ગ સામે ટ્રાફીક પોઈન્ટ તથા નો પાર્કિંગ ઝોન તથા પાર્કિંગ સમસ્યા દુર કરવા માંગણી કરેલ હતી. જે અન્વયે એસપી શ્રી મહેતા તથા ડીવાયએસપી શ્રી ધાંધલીયા તથા પોલીસની ટીમ દ્વારા ત્વરીત કાર્યવાહી કરતા રાયજીનગરના પ્રવેશ માર્ગને અવરોધતા ટુ વ્હીલર અને ફોરવ્હીલર વાહનો દુર કરવી વર્ષો જુની સોસાયટીનો પ્રશ્ન હલ કરવામાં આવતા રાયજીનગર એસો.ના સભ્યો તથા સોસાયટીના રહીશો દ્વારા જૂનાગઢ પોલીસ તંત્રનો આભાર વ્યકત કરેલ છે.

### અમિત શાહે ગુજરાતના ખેડૂતોને આપી મોટી ભેટ

# ખેડૂતોનો હવે ખાતર પર મળશે ૫૦ ટકા સબસીડી

## આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ નિમિત્તે અમિત શાહે દેશમાં બે લાખ પંચાયત ઘરોને અપેક્ષ સાથે જોડવા જાહેરાત કરી

ગાંધીનગર, તા.૮

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ગાંધીનગર ખાતે સહકારી દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ નિમિત્તે તેઓએ દેશમાં બે લાખ પંચાયત ઘરોને અપેક્ષ સાથે જોડવાની જાહેરાત કરી હતી. સાથે જ આજના દિવસે ગુજરાતના ખેડૂતોને મોટી ભેટ આપી છે. તેમણ ખેડૂતો માટે નેનો યુરીયામાં ૫૦% ગુજરાત સરકારની સબસીડી આપવાની યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.

અમિત શાહે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારની છ્ય્ઈ-૨ યોજના હેઠળ ખેડૂતો દ્વારા નેનો-યુરિયાની ખરીદી પર ૫૦ ટકા સહાયતા યોજનાનો શુભારંભ કર્યો. કાર્યક્રમમાં સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે ત્રણ ખેડૂતોને નેનો યુરિયાની પ્રતિકાત્મક કીટ આપવામાં આવી. તો સાથે સાથે ગૃહમંત્રી દ્વારા ઓર્ગેનિક લોટનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું. તેમજ, દિલ્હી ખાતે અમૂલ ઓર્ગેનિક દુકાનનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું. સમગ્ર દેશમાં આ અમૂલની સૌપ્રથમ ઓર્ગેનિક લોટની શોપ હશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસની ઉજવણી કરાઈ હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહનું કાર્યક્રમમાં સંબોધન કરતા અમિત શાહે કહ્યું કે, ૧૦૨ વર્ષથી સહકારીતા દિવસથી ઉજવણી કરવામાં આવે છે. આજે શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મ દિવસ છે. આજે બંગાળ અને કાશ્મીર ભારતનો હિસ્સો છે તે શ્યામ પ્રસાદ મુખર્જીને આભારી છે. આજના દિવસે જ સ્વતંત્ર સહકારીતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. ઘણા લાંબા સમયની માગ હતી કે સહકાર વિભાગની સ્થાપના કરવામાં આવે. ગુજરાતમાં નેનો યુરિયા અને નેનો ડીએપી પર ૫૦ ટકા નું ડિસ્કાઉન્ટ જાહેર કરાયું છે. ગુજરાત સરકારે વિશેષ ડિસ્કાઉન્ટ યોજના જાહેર કરી છે. નેનો યુરિયા અને નેનો ડીએપી પર ૫૦ ટકાની સબસિડી ગુજરાત સરકાર આપશે. નેનો યુરિયા અને નેનો ડીએપીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ યોજના જાહેર કરાઈ છે.

તેમણે વધુમાં કહ્યું કે, ખેડૂતો બન્ને તરલ અને ઘન યુરિયાનો ઉપયોગ કરશે તો જમીન પણ બગડશે અને સ્વાસ્થ્ય પણ બગડશે. આપણી પાસે બે બ્રાન્ડ છે ભારત ઓર્ગેનિક અને અમુલ બન્ને બ્રાન્ડ ખરીદીએ ૧૦૦ ટકા ઓર્ગેનિક છે. વૈશ્વિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઓર્ગેનિક હોવાનો સિક્કો મરાય છે. ગ્રામીણ અર્થવ્યવસ્થામાં સહકારનું મહત્વનું યોગદાન છે. અમે વ્યવસ્થા કરી છે કે મકાઈની ખરીદી ઓનલાઈન અને એમએસપી પર થશે. જેનાથી ખેડૂતોને લાભ થશે, ઈથેનોલ બનશે સાથે ઓછું પેટ્રોલ ખરીદી કરી દેશના નાણાં બચાવીશું.

## ગ્રીન ખંભાળિયા ઝુંબેશમાં મેડિકલ એસોસિએશન દ્વારા નોંધપાત્ર સહયોગ : વૃક્ષો દત્તક લેવાયા



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયા શહેરને હરિયાળુ બનાવવા માટે સેવાભાવી કાર્યકરો દ્વારા હાથ ધરાયેલી "ગ્રીન ખંભાળિયા મિશન ૨૦૦૦" અંતર્ગત જુદી જુદી સંસ્થાઓ, કાર્યકરો દ્વારા વિવિધ પ્રકારે સહયોગ મળી રહ્યો છે. જેમાં અહીંના મ્યુનિસિપલ ગાર્ડન ખાતે તાજેતરમાં ખંભાળિયા મેડિકલ એસોસિએશનના હોદ્દેદારો, વેપારીઓ સાથે યોજાયેલી બેઠકમાં કેમિસ્ટ વેપારીઓએ ખાસ ઉપસ્થિત રહી અને ગ્રીન ખંભાળિયા મિશનમાં તેમના દ્વારા ૩૦ થી વધુ ઝાડ દત્તક લેવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સેવા પ્રવૃત્તિને આવકાર સાંપળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા શહેરના સોના-ચાંદીના વેપારીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સહિતના જુદા જુદા મંડળો વિગેરે દ્વારા ગ્રીન ખંભાળિયા ૨૦૦૦માં પોતાનું યોગદાન નોંધાવવામાં આવ્યું છે.

### અનંતનો સલમાન સાથે જબરદસ્ત ડાન્સ

# અનંત-રાધિકાના સંગીત સમારોહમાં બોલિવુડ સ્ટાર્સ જુમી ઉઠ્યા હતા

## મુકેશ અંબાણી-નીતા અંબાણીએ પરિવાર સાથે 'ઓમ શાંતિ ઓમ'ના ગીત 'દીવાંગી દીવાંગી' પર ડાન્સ કર્યો



મુંબઈ, તા.૮

મુંબઈમાં શુક્રવારે સાંજે પુત્ર અનંત અંબાણી અને તેની મંગેતર રાધિકા મર્ચન્ટના સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં બોલિવુડના ઘણા સેલિબ્રિટી જોવા મળ્યા હતા. આ સંગીત સમારોહમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણીએ તેમના પરિવાર સાથે શાહરૂખ ખાનની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'ના લોકપ્રિય ગીત 'દીવાંગી દીવાંગી' પર ડાન્સ કર્યો હતો.

આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નીતા અંબાણીએ પર્ફોર્મન્સ દરમિયાન ભરતનાટ્યમની ઝલક પણ બતાવી અને અંબાણી પરિવાર સાથે દિલથી ડાન્સ કર્યો. નીતા અંબાણી ગુલાબી લહેંગામાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. જ્યારે મુકેશ અંબાણી નેવી બ્લુ કુર્તા પાયજામા અને મેચિંગ કોટીમાં એકદમ શાનદાર લાગતા હતા. અનંત-રાધિકા પણ આ લોકપ્રિય બોલિવૂડ ટ્રેક પર ધૂમ મચાવતા જોવા મળ્યા હતા. સંગીત સમારોહના અનેક વીડિયોને સોશિયલ મીડિયા પર સામે આવી રહ્યા છે. અનંત અંબાણી સલમાન ખાન સાથે એસા પહેલી બાર હુઆ હૈ ગીત પર જબરદસ્ત ડાન્સ કરી રહ્યો છે. આ સમારોહમાં સલમાન સહિત વિકી કૌશલ, દીપિકા પાદુકોણ, કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, એમએસ ધોની, હાર્દિક પંડ્યા, આલિયા ભટ્ટ અને રણબીર કપૂર જેવા ઘણા સ્ટાર્સે હાજરી આપી હતી. રણવીર સિંહે શુક્રવારે સાંજે તેના ઉત્સાહપૂર્ણ નૃત્ય પ્રદર્શન સાથે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન સંગીત સમારોહની શરૂઆત કરી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણીના પુત્ર અનંત અંબાણી અને તેમની મંગેતર રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી બુધવારે મુંબઈમાં અંબાણીના ઘર એન્ટિલિયા ખાતે મામેરુ સમારોહ સાથે શરૂ થઈ હતી. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ ૧૨ જુલાઈએ મુંબઈમાં લગ્નના બંધનમાં બંધાશે.

### વિપક્ષની જાતિ આધારિત વસતી ગણતરીની માગ

# ચંદ્રબાબુ નાયડુ સરકાર રાજ્યમાં કૌશલ્ય સર્વેક્ષણ શરૂ કરશે

અમરાવતી, તા.૮

એક તરફ વિપક્ષી ગઠબંધન I.N.D.I. જાતિ વસ્તી ગણતરી પર ભાર આપી રહ્યું છે. ત્યારે બીજી તરફ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ અલગ પ્રકારની વસ્તી ગણતરી કરવાની હિમાયત કરી છે. TDP ચીફે સ્કીલ સેન્સસ એટલે કે કૌશલ્ય સર્વેક્ષણ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ચંદ્રબાબુ નાયડુ સરકાર આંધ્ર પ્રદેશમાં કૌશલ્ય સર્વેક્ષણ શરુ કરવા જઈ રહી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ મુદ્દે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાસેથી સૂચનો માંગ્યા છે. તેમણે કહ્યું છે કે દેશમાં લોકો પાસે જે કૌશલ્ય છે તેના વિશે ડેટા એકત્રિત કરવો જોઈએ. તેમણે કહ્યું કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલને વિસ્તારવાથી દેશવાસીઓનું જીવન સુધરશે.મોદી સરકાર ૩.૦ માં કૌશલ્ય અને રોજગાર પર ઘણો ભાર મૂકવામાં આવી રહ્યો છે. થોડા દિવસ પહેલા પીએમ મોદીને મળ્યા બાદ ટીડીપી ચીફે કહ્યું હતું કે આંધ્ર પ્રદેશનો વિકાસ તેમની પ્રાથમિકતા છે. ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું છે કે, ''અમે કેન્દ્ર પાસેથી કોઈ મંત્રી પદ માંગ્યું ન હતું, વાજપેયીના સમયમાં પણ અમે મંત્રી પદ માંગ્યું ન હતું, જે પણ ઓફર કરવામાં આવી હતી તે અમે સ્વીકારી લીધી હતી.'' લોકસભા સ્પીકરની વાત કરતાં તેમણે કહ્યું કે તેમણે ગઠબંધન સાથે સારા સંબંધો જાળવવા માટે જ આવું કર્યું છે. દિલ્હી પ્રવાસ દરમિયાન આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન એન ચંદ્રબાબુ નાયડુ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણને મળ્યા હતા અને દેવાથી ડૂબેલા રાજ્ય માટે નાણાકીય મદદ માંગી હતી. નાયડુ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાને પણ મળ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે નાયડુએ આંધ્રપ્રદેશમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટનો ઉલ્લેખ કર્યો જેને તાત્કાલિક કેન્દ્રીય સહાયની જરૂર છે. મુખ્યમંત્રીને વિગતવાર મેમોરેન્ડમ પણ સુપરત કર્યું હતું. રાજ્ય સરકારના ડેટા અનુસાર, આંધ્રનું જાહેર દેવું ૨૦૧૯-૨૦માં કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન (GSDP)ના ૩૧.૦૨ ટકાથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૩.૩૨ ટકા થયું છે.

## ચોરી કરવા માટે ફ્લાઈટમાં ચોર કરતો હતો અવરજવર

વલસાડ, તા.૮

અત્યાર સુધી તમે ઘણા ચોર જોયા હશે પણ ક્યારે VVIP ચોર જોયો છે ખરો ? તમારા મનમાં પણ સવાલ થતો હશે કે આવો તો વળી કેવો ચોર !!! પણ હા, વલસાડમાં એક ચોકાવનારી ઘટના સામે આવી છે. આ ચોર જ્યાં ચોરી કરવા માટે ફ્લાઈટમાં આવતો હતો.વાપીમાં ૨૧ દિવસ પહેલા ૧ લાખ રૂપિયાની ચોરી મામલે પોલીસે ઝઝૂફ મેળવ્યા હતા અને આરોપીને શોધવા ચક્રોગતિમાન કર્યા હતા. લગ્ઝુરીયસ લાઈફ જીવતા અને મહાનગરોમાં આવેલા પોષ વિસ્તારમાં ચોરી કરવા ફ્લાઈટમાં અવર જવર કરતા આરોપીનું પગેરું મેળવી ૫ દિવસમાં વલસાડ LCBની ટીમે મુંબઈમાં અલગ અલગ વેશભૂષા ધારણ કરીને લગ્ઝુરીયસ લાઈફસ્ટાઈલ જીવતા ઘરફોડ ચોર રોહિત કનુભાઈ દયાભાઈ સોલંકી ઉર્ફ રોહિત ચેતન શેટ્ટી ઉર્ફ અરહાન ચેતન શેટ્ટીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. વલસાડ જિલ્લા પોલીસે આંતરરાજ્ય બહુનામધારી મુંબઈથી VVIP ચોરને ઝડપી પાડ્યો છે.

# જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તારની સમસ્યાનું કાયમી નિરાકરણ લવાશે, આગામી બજેટમાં સમાવવા છ-સાત મહિનામાં સમગ્ર પ્લાન તૈયાર થશે : કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા






**કેન્દ્રીય શ્રમ અને રોજગાર સ્પોર્ટ્સ મંત્રાલયના કેબિનેટ મંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખભાઈ માંડવીયાએ કેશોદમાં બેઠક યોજી ઘેડ વિસ્તારમાં નુકશાનીનો સર્વે, રસ્તાની મરામત, સહાય ચુકવણી, વાડી વિસ્તારમાં વીજળી સહિતના મુદ્દે અધિકારીઓને એક અઠવાડિયામાં કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી : કલેકટર અનિલ કુમાર રાણાવસિયાએ કેન્દ્રીય મંત્રી સમક્ષ ઘેડ અને કેશોદ વંથલી વિસ્તારના વિકાસ માટેનું સૂચિત આયોજન રજૂ કર્યું**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

કેન્દ્રીય શ્રમ રોજગાર, યુવા અને સ્પોર્ટ્સ મંત્રાલયના કેબિનેટ મંત્રી અને પોરબંદરના સાંસદ ડો. મનસુખભાઈ માંડવીયાએ ઘેડ વિસ્તારમાં મુલાકાત લઈ સ્થાનિક લોકો અને લોક પ્રતિનિધિઓ સાથે સંવાદ કરી ઘેડમાં દર વર્ષે ભારે વરસાદને કારણે ઉદભવતી પરિસ્થિતિના નિરાકરણ માટે જિલ્લા તંત્રના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. કેન્દ્રીય મંત્રીએ કેશોદ પ્રાંત ઓફિસ ખાતે પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. કેન્દ્રીય મંત્રી એ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંકલનથી જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સમાવિષ્ટ ઘેડ વિસ્તારના વિકાસ માટે અને નદીકાંઠાઓમાં દર વર્ષે થતી મુશ્કેલીના નિરાકરણ માટે કાયમી આયોજન હાથ ધરાશે. જૂનાગઢ જિલ્લાની ઓજત અને મધુવંતી નદીના પાણીથી નુકસાની ન થાય તે માટે ભૌગોલિક અભ્યાસ કરીને બધી જ બાબતોને આવરી લઈને લાંબા ગાળાનો પ્લાન ચાલુ વર્ષે જાન્યુઆરી સુધીમાં તૈયાર કરવા અધિકારીઓની સૂચના આપી હતી.

આગામી રાજ્ય બજેટમાં ઘેડના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે નવી આઈટમ તરીકે આ બાબતો રાજ્ય સરકાર સાથે સંકલન કરીને મૂકવામાં આવશે તેવું આયોજન છે એમ પણ મંત્રીશ્રીએ બેઠકમાં જણાવ્યું હતું. લાંબાગાળાના આયોજન ઉપરાંત હાલની સ્થિતિમાં તાત્કાલિક ધોરણે કરવાની થતી કામગીરીની પણ મંત્રી શ્રી એ ચર્ચા કરી નદીકાંઠાના ગામોમાં ખેડૂતોને નુકસાની થઈ હોય તેમની નુકસાની અરજીઓ લેવા, ગ્રામ્ય સ્તરે સર્વે શરૂ કરી દેવા, વાડી વિસ્તારમાં વીજળીના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અને અને જે રસ્તાઓનું કામ બાકી હોય તે તાત્કાલિક મરામત કરી વાહન વ્યવહાર શરૂ થઈ જાય તે માટે તે માટે સુચના આપી હતી. મંત્રીએ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, દેવાભાઈ માલમ, અરવિંદભાઈ લાડાણી અને જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર સહિત તાલુકા જિલ્લા પંચાયતના સભ્યો અને આગેવાનોના સૂચનો પણ ધ્યાને લઈ સાથે મળીને આયોજનને આખરી ઓપ આપવા માર્ગદર્શન આપ્યું હતું.

કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ મિટિંગના પ્રારંભે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાનું સ્વાગત કરી ઘેડ અને આસપાસના વિસ્તારમાં સૂચિત વિકાસ અને ખાસ કરીને પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ થાય તે માટે પ્રેઝન્ટેશનથી જરૂરી વિગતો રજૂ કરી હતી. કલેકટરએ મંત્રીના માર્ગદર્શનમાં થઈ રહેલ આયોજન સંદર્ભે કરવામાં આવેલ તૈયારીઓ અંગે કેશોદમાં ઔદ્યોગિક વિકાસ, કેશોદથી ખેત પેદાશો અને અન્ય ચીજ વસ્તુઓનું પરિવહન માટે કાર્ગો ટર્મિનલ, એરપોર્ટ ના વિકાસ માટેનું આયોજન, ઘેડ વિસ્તારના હેરિટેજ સ્થળોનો વિકાસ જેમાં લોએજ, રાખેંગાર વાવ ઉપરાંત ખાસ કરીને વંથલીના રાવણા અને ચીકુ ઉપરાંત પોષકતત્વોથી ભરપૂર અને સ્વાસ્થ માટે ઉપયોગી એવા કાળા મગને વિશેષ ઓળખ મળે તે માટે નું આયોજન, બાગાયતી પાકોના ઓદ્યોગિક ધોરણે રીહાઈડ્રેશન પ્લાન્ટ માટેના આયોજનો અને રસ્તા પહોળા કરવા સહિતની બાબતોનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. સિંચાઈ વિભાગના અધિકારીઓએ ઓજત અને મધુવંતીના પાણીને લીધે દર વર્ષે ઉદભવતી સ્થિતિ, નદીઓની લંબાઈ-ઊંડાઈ અને પાળાઓ તૂટવાની બાબતમાં કરવાની થતી કામગીરી તેમજ દરિયાના પાણીને નદીપટમાં આવતા રોકવા માટેનું આયોજન ઉપરાંત ડેમના દરવાજાનું આધુનિકરણ સહિતના આયોજનો રજૂ કર્યા હતા. કેન્દ્રીય મંત્રીએ હાલ જે પ્લાન બનાવવામાં આવે તેમાં અગાઉ ૧૯૬૦ની સમિતિ પછી જે સૂચિત આયોજનો હતા તે અંગેનો અહેવાલ પણ હાલના પ્લાનમાં જોડી જન ઉપયોગી બાબતોને આવરી લઈ ઘેડના લોકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે અને સરકારને દર વર્ષે અમુક પ્રકારની કામગીરીમાં ખર્ચ ન થાય અને લાંબા ગાળાનું આયોજન થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

જ્યાં જરૂર પડે અને કાર્યક્ષેત્રમાં આવતી બાબતો અંગે કેન્દ્ર સરકારના અધિકારીઓ પણ સ્થાનિક તંત્રને સંકલન કરશે. મંત્રીએ પોરબંદર લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ ગામો શહેરોના વિકાસ માટે પાંચ વર્ષનો પ્લાન પણ તૈયાર કરવા પણ સૂચના આપી હતી.

કેન્દ્રીય મંત્રીએ ઘેડ વિસ્તારના ટીકર બામણાસા બાલાગામ, મટીયાણા માણાવદર સહિતના ગામો-વિસ્તારોની મુલાકાત લઈ સ્થાનિક લોક પ્રતિનિધિઓ, ખેડૂતો, સરપંચ સહિતના આગેવાનો સાથે સંવાદ કરી, ગ્રામજનોની સમસ્યાઓની લેખિત રજૂઆત પણ સ્વીકારી હતી, તેમજ જ્યાં પાણી ભરાય છે તે કાઠા વિસ્તારોનું પણ નિરીક્ષણ કર્યું હતું. વધુમાં બાલાગામ અને મટીયાણાંમા ગ્રામજનો સાથે વિશેષ મીટિંગ કરી સરકાર દ્વારા કરવામાં આવનાર કામ અને તાત્કાલિક ધોરણે તંત્રને કામગીરી માટે આપવામાં આવેલી સૂચનાઓની માહિતી આપી હતી, સંવાદને અંતે મટીયાણામા વૃક્ષારોપણ કર્યું હતું.

ગ્રામ્ય વિસ્તારની મુલાકાત-મીટિંગ મેળાએ ધારાસભ્ય દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠીયા અને અરવિંદભાઈ લાડાણી, જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, કલેકટર અનિલ કુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, એસપી હર્ષદ મહેતા, કેશોદના પ્રાંત અધિકારી કિશન ગરચર તેમજ માણાવદર ના પ્રાંત અધિકારી અને તાલુકા પંચાયત જિલ્લા પંચાયતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી લોહાણા મહાજન દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪નું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

શ્રી લોહાણા મહાજન - જૂનાગઢ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪નું તારીખ ૧૮.૦૮.૨૦૨૪ને રવિવારના રોજ શ્રી લોહાણા મહાજન વાડી ખાતે લોહાણા મહાજન પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મશરૂના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ છે. આ સન્માન સમારોહમાંમાત્ર જૂનાગઢ મહાનગર પાલિકાની હદમા વસવાટ કરતા રઘુવંશીવિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓજભાગ લઇ શકશે. આ વખતે સરસ્વતી સન્માન સમારોહમાં મુખ્ય બે વિભાગો રાખવામાં આવેલ છે જેમાં(૧)પ્રાઈમરીસ્કૂલધોરણ ૧થી ૮ – અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ (૭૦ ટકાકે તેથી વધારે)(૨) હાઈસ્કૂલ ધોરણ ૯થી ૧૨માધ્યમ – અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ (૭૦ ટકાકે તેથી વધારે). સરસ્વતી સન્માન સમારોહ ૨૦૨૪માં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓએ તેમનું રજીસ્ટ્રેશન ગુગલ ફોર્મને અંગ્રેજીમા કેપિટલ અક્ષરમા જ ભરીને જ કરાવવાનું રહેશે જે માટે આપેલ લીંક https://forms.gle/krmZV1rbuni8r9oKA દ્વારા કરાવી શકશે. તેમજદરેક વિદ્યાર્થીઓએ તેમનું રજીસ્ટ્રેશનમોડામાં મોડું૧ઓગસ્ટ- ૨૦૨૪રાત્રે૧૨ કલાકપહેલાકરાવી દેવાનું રહેશે ત્યારબાદ આવેલ ફોર્મ સ્વીકાર્ય રહેશે નહિ.દરેક વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મમાં તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને ઓરીજનલ માર્કશીટને સ્કેન કરીને અપલોડ કરવાનો રહેશે. દરેક વિભાગના વિદ્યાર્થીઓએ માત્ર ઓરીજનલ માર્કશીટમાં દર્શાવેલ ટકાવારીનેજ ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મમાં દાર્શાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફોર્મમાં પર્સેન્ટાઈલ દર્શાવશે તેઓના ફોર્મ રદ-બાતલ ગણવામાં આવશે.સરસ્વતી સન્માન સમારોહ – ૨૦૨૪માં ધોરણ ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ – ૨૦૨૪ દરમ્યાન શિક્ષણ, રમતગમત, સાંસ્કૃતિક ક્ષેત્રે, સ્પર્ધાત્મક પરીક્ષામાં રાજ્ય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટસિધ્ધીઓ મેળવી હશે તેનું પણ વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. વિશિષ્ટ સિદ્ધિ સન્માન સમારોહમાં ભાગ લેવા ઉત્સુક રઘુવાશી વિદ્યાર્થીઓ તેમનું રજીસ્ટ્રેશન લીંકhttps://forms.gle/bnjuYhWN2g9b1W1u5 દ્વારા કરાવી શકશે. સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪ના સફળ આયોજન માટે લોહાણા મહાજન – જૂનાગઢની શૈક્ષણિક સમિતિડો. સંજય ચોલેરા, પ્રો.મનીષ નાગ્રેચા, આચાર્યા પ્રતિભાબેન નાગ્રેચા, પુજાબેન કારિયા, સુરેશભાઈ દત્તા, હિમાંશુભાઈ કારિયા, વકીલ મહેશભાઈ લાખાણી તેમજ લોહાણા મહાજનના પદાધિકારીઓઓ નંદલાલભાઈ ચોલેરા, અશ્વિનભાઈ મણીયાર, આશિત કારિયા તેમજ પ્રો. ખ્યાતિબેન ભૂપ્તા વિગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂએ વર્ષ ૨૦૨૪માંઉત્તમ ટકાવારી મેળવીને ઉત્તીર્ણ રઘુવંશી વિદ્યાર્થીઓને ઓનલાઈનના માધ્યમથી સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪માં ભાગ લઈને જોડાવવા માટે અનુરોધ કરેલ છે. સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪ના કાર્યક્રમ અંગેની વધુ વિગત મેળવવા માટે માટે પ્રો. ખ્યાતિબેન ભૂપ્તા મો.નં. ૭૬૦૦૦૨૩૩૦૧ (સવારના ૧૧.૦ થી બપોરના ૧.૦૦ દરમ્યાન) અને ડો. સંજય ચોલેરા (મો.નં. ૮૭૮૦૫૯૫૮૮૦)નો(સાંજના ૭.૦૦ થી રાત્રીના ૮.૩૦ દરમ્યાન)સંપર્ક કરવો.

## જૂનાગઢ કલેકટરની ટીમનો સપાટો : બીલખામાં આવેલ ગોડાઉનમાંથી સરકારી અનાજનો જથ્થો ઝડપાયો

જૂનાગઢ તા.૮

જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયાની સુચનાથી નિવાસી અધિક કલેકટરના માર્ગદર્શન હેઠળ જૂનાગઢના પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ અને જીલ્લા પુરવઠા અધિકારીના નેતૃત્વ હેઠળ ગ્રામ્ય મામલતદાર કચેરીની ટીમ અને જીલ્લા પુરવઠા અધિકારીની ટીમ દ્વારા સંયુકત રીતે બિલખા ખાતે મોટા પ્રમાણમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં બીલખાથી ગેરકાયદેસર રીતે વેચાતું સરકારના અનાજ સહિત ૧૨.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો.

અગાઉ શહેરમાંથી છકડો રીક્ષા પકડી તેના આધારે પાદરિયામાં બે મોટા ગોડાઉન પકડી પાડવામાં આવેલ હતાં અને ૫.૩૭ લાખનું ગેરકાયદે સંગ્રહ કરેલું સરકારી અનાજનો જથ્થો સીઝ કરવામાં આવેલ હતો. આ રેશનકાર્ડ ધારકોના રેશનકાર્ડની માહિતી મેળવી તેમના રેશનકાર્ડ રદ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આ તપાસમાં પકડાયેલા ફેરિયાઓની ઊંડી તપાસના કરતા સમગ્ર ધંધાનું કેન્દ્રબિંદુ બિલખા હોવાનું સામે આવ્યું હતું.જેને લઈ જિલ્લા કલેકટરની સૂચનાથી આવા ઈસમો પર સતત વોચ ગોઠવવામાં આવેલ હતી. તેઓ દ્વારા ટીમો બનાવી બિલખા ખાતે સ્થાનિક પોલીસને સાથે રાખી વ્યાપક દરોડા હાથ ધર્યા હતા. અગાઉ આ દરમ્યાન બે મોટા સરકારી અનાજનો જથ્થો ધરાવતાં ગોડાઉન પકડી પાડયા હતા. ત્યારે ગઈકાલે વધુ એક વખત પ્રાંત અધિકારીને કલેક્ટર અલગ અલગ ટીમો બનાવી બીલખા ખાતે ડીકોય ગોઠવવામાં આવેલ હતી. આ દરમિયાન એક ગોડાઉન ધારક ઈસમ ઈમ્તિયાઝ જીકરભાઈ ચોટલિયા તેના ગોડાઉનમાં ગેરકાયદેસર અનાજ આઈશર ટ્રકમાં ભરી અને બહાર વેચી દઈ સગે-વગે કરી નાખવાની ફિરાકમાં હતો. તે દરમિયાન સ્થળે પહોંચી જઈ અને અનાજ ભરેલો ટ્રક તથા ગોડાઉન ઝડપી લીધા હતા. તેઓને સદરહુ અનાજના જથ્થાની કાયદેસરતા બાબતે પુછપરછ કરતાં કોઈ પ્રકારના આધાર પુરાવા રજુ કરી શકયતા તંત્ર દ્વારા ૭૩૫૦ કિલો ઘઉં કિંમત રૂા. ૧,૯૮,૪૫૦, ૧૭૫૦ કિલો ચોખા કિ.રૂા.૬૮,૨૫૦, ૧૬,૯૦૦ કિલો ઘઉં+ચોખા(મિકસ)- ૬,૫૯,૧૦૦ સહિત આઈશર મળી કુલ રૂા.૧૨,૨૫,૮૦૦નો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં જીલ્લા કલેટકર અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન હેઠળ નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરી, પ્રાંત અધિકારી જૂનાગઢ ચરણસિંહ ગોહિલ, જીલ્લા પુરવઠા અધિકારી એફ.જે.માકડા સહિત જૂનાગઢ ગ્રામ્ય મામલતદારની ટીમ જોડાયેલ હતી.

## સેવાના ભેખધારી દામજીભાઈ પરમારને સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

અનેક સેવા કાર્ય પ્રવૃત્તિઓમાં સતત દાન આપનાર સ્વઃ દામજીભાઈ બેચરભાઈ પરમારનું નિધન થતાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. દામજી ભાઈ પરમાર દ્વારા સરકારી ૧૦ જેટલી જુદી જુદી સંસ્થામાં નાના નાના બાળકોને ઠંડું અને ચોખ્ખું પાણી મળી રહે તે માટે વોટર કૂલર, મારી પ્રાથમિક શાળા કન્યા શાળા, ઝાંઝરડા પ્રાથમિક સ્કૂલ, કાળવા ચોક પાણીના પરબ, મયારામ દાસજી આશ્રમ, સીમશાળા, સત્યમ સેવા યુવક મંડળ દ્વારા હોસ્પિટલમાં ચાલતી સેવાઓ દામજીભાઈ તરફથી ચા, પાણી, નાસ્તો તેમના તરફથી વ્યવસ્થા કરવામાં આવતી હતી, તેમજ જૂનાગઢની વિવિધ સંસ્થામાં પણ તેમનું યોગદાન હતું. સદગતના આત્માને શાંતિ અર્પે એવી સત્યમ સેવા યુવક મંડળના હોલ ખાતે પ્રાર્થના સભા યોજવામાં આવેલ હતી જેમાં અંધ કન્યા છાત્રાલય, સત્યમ સેવા યુવક મંડળ, ગાયત્રી શક્તિપીઠ, મયારામ દાસજી આશ્રમ, દિવ્યાંગ સંસ્થા, અપના ઘર, વૃદ્ધ નિકેતન, અંધજન મંડળ વગેરે સંસ્થાના અગ્રણીઓ શ્રી મનસુખભાઈ વાજા, નાગભાઈ વાળા, અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, મુકેશગીરી મેઘનાથી, અલ્પેશભાઈ પરમાર, શાંતાબેન બેસ, હસમુખભાઈ ત્રિવેદી, ચંપકભાઈ જેઠવા, પ્રવીણભાઈ જોશી, કેતનભાઈ નાંઢા, મનોજભાઈ સાવલિયા વગેરે દ્વારા પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને તેમના ચરણોમાં સ્થાન આપે તેમજ વૈકુંઠ વાસ આપે એવી સત્યમ સેવા યુવક મંડળના હોલ ખાતે શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ હતી તેમજ દામજીભાઈના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવેલ હતી.

## જૂનાગઢમાં અમૂલ પાર્લર-એટીએમ મશીનનું ઉદ્‌ઘાટન






જૂનાગઢ તા.૮

અષાઢી બીજના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ જયશ્રી રોડ મુકામે જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા તેમજ ડીવાયએસપી હિતેષ ધાંધલિયાના હસ્તે અમૂલ પાર્લર તેમજ એટીએમ મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં આર.સી. બર્ધર સંચાલિત ઉપેન્દ્રસિંહ ચુડાસમા, અંકુરભાઈ રાઠોડ તેમજ એકસીસ બેંકના મેનેજર ડેનિસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ જે કંઈ ભાડાની આવક થશે એ આવક પોલીસ વેલ્ફર ફંડમાં વાપરવામાં

### :: અવસાન નોંધ ::

વેરાવળ : સ્વ.ગોકળદાસ દેવચંદભાઈ કાનાબારના પુત્રવધુ રશ્મીબેન (ઉ.વ.૭૩) તે, મહેન્દ્રભાઈ કાનાબારના પત્ની, નવીનભાઈ, સ્વ.અરવિંદભાઈ, લલિતભાઈ, હરેશભાઈના ભાઈની પત્ની, સમીરભાઈ (મુન્નો ગોકુલ પ્રોવીઝન), રૂપલબેન અમિતભાઈ તન્ના (સોમનાથ), ધારાબેન રવિભાઈ ખઢેરીયા (ભાવનગર)ના માતુશ્રી, સ્વ.ગોરધનદાસ મકનજીભાઈ દેવાણી (કેશોદ)ના પુત્રી, વજુભાઈ, મહેન્દ્રભાઈ (ભોલા ફરસાણ)ના બહેનનું તા.૭ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી તા.૮ ને સોમવારે સાંજે ૫ થી ૬ બ્રહ્મકુંડ મંદિર વેરાવળ ખાતે રાખેલ છે.

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **લક્ષ્મણ પુંજાભાઈ સોલંકી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **લક્ષ્મણભાઈ પુંજાભાઈ સોલંકી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**લક્ષ્મણભાઈ પુંજાભાઈ સોલંકી**
અર્જુન પાર્ક ફાર્મ, ૬૬ કેવી સબ સ્ટેશન પાસે,
દોલતપરા, જૂનાગઢ - ૩૬૨૦૦૧

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **તુષારકુમાર લક્ષ્મણભાઈ સોલંકી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **તુષાર લક્ષ્મણભાઈ સોલંકી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**લક્ષ્મણભાઈ પુંજાભાઈ સોલંકી**
અર્જુન પાર્ક ફાર્મ, ૬૬ કેવી સબ સ્ટેશન પાસે,
દોલતપરા, જૂનાગઢ - ૩૬૨૦૦૧

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **જશુ લક્ષ્મણ સોલંકી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **જશુબેન લક્ષ્મણભાઈ સોલંકી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**જશુબેન લક્ષ્મણભાઈ સોલંકી**
અર્જુન પાર્ક ફાર્મ, ૬૬ કેવી સબ સ્ટેશન પાસે,
દોલતપરા, જૂનાગઢ - ૩૬૨૦૦૧

### મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૫૬/૨૦૨૪

:: જાહેર નોટીસ ::

પ્રતિ,
શ્રી મહમદમીયા હમીદમીયા સિદ્દીકી
રહે. કાજીવાડા, ગુરૂકૃપા,
રામકૃષ્ણ શેરી નં.૨, જૂનાગઢ.... ..... અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી વિભાગ,
મહાનગરપાલીકા, જૂનાગઢ.... ..... સામાવાળા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહમદમીયા હમીદમીયા સિદ્દીકી તેમનો જન્મ તા. ૧૫-૦૬-૧૯૫૭નાં રોજ જૂનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે સમયે તેઓનાં માતા-પિતા શૈક્ષણીક રીતે પછાત હોવાથી અને જન્મ-મરણ કાયદાનું જ્ઞાન ન હોવાથી જૂનાગઢ મુકામે મહાનગરપાલીકા કચેરીમાં જન્મનાં રજીસ્ટરમાં તેઓનાં જન્મની નોંધ થયેલ નથી જેથી જન્મની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા. ૨૯, માહેઃ જુન-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી : અવાચ્ય
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ (શહેર)

### ગુજરાત સરકાર

**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**

**ટૂંકી મુદતની જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૨૪-૨૫**

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી સિંચાઇ યોજના પેટા વિભાગ નં.૭/૨,સરદાર બાગ જુની આર્યુવેદીક કોલેજ (ફોન નં.૨૬૩૦૯૩૫) જુનાગઢની કચેરી દ્વારા (૧) મધુવંતી એન્ડ મધરડી સિંચાઇ યોજના પ્રોવાઇડીંગ એન્ડ ફીક્ષીંગ ફલડ ગેઇજ પોષ્ટ એન્ડ કોશનરી સાઇન બોર્ડસ એટ મધુવંતી ડેમ સાઇટ કેનાલ સાઇટ એન્ડ કોઝવે ઓફ મેંદરડા તાલુકા એન્ડ મધરડી ડેમ સાઇટ કામની અંદાજીત રકમ રૂ.૯૦૬૮૪.૯૭ (૨) પ્રોવાઇડીંગ એન્ડ ફીક્ષીંગ ફલડ ગેઇજ પોષ્ટ એન્ડ કોશનરી સાઇન બોર્ડસ એટ આણંદપુર મેઇન કેનાલ એન્ડ બોડકા બ્રાન્ચ કેનાલ સાઇટ ફોર ૫ યર ૨૦૨૪-૨૫ કામની અંદાજીત રકમ રૂ.૨૨૯૧૨.૬૬ કામોના ટેન્ડર "ઈ-૨" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓને ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેથી જાહેર નિવિદામાં નિર્દિષ્ટ કરેલ તારીખ સુધીમાં કચેરી સમય દરમ્યાન ટેન્ડર આપવામાં આવશે.
(૧) ટેન્ડર આપવાની કચેરી તા.૧૫/૦૭/૨૦૨૪.
(૨) ટેન્ડર પરત કરવાની કચેરી સમય દરમ્યાન તા.૨૨/૦૭/૨૦૨૪
(૩) ટેન્ડર ખોલવાનો સમય ૧૨.૦૦ કલાકે તા.૨૩/૦૭/૨૦૨૪.

વધુ વિગતો માટે માહીતી ખાતાની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા તથા ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/જુના/જા.ખ./૧૦૭/૨૪

# જૂનાગઢ શહેરમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય શોભાયાત્રા નીકળી







જૂનાગઢ તા.૮

અષાઢી બીજ મહોત્સવ અંતર્ગત જૂનાગઢમાં ગંધ્રપવાડા વિસ્તારમાં જગન્નાથજી મંદિરે અષાઢી બીજ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.સવારથી મંદિરે દર્શન માટે ભાવિકોનો ઘસારો જોવા મળ્યો હતો. ભગવાનને અનેરા શણગાર કરવામાં આવેલ જેના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. બપોરે આરતી અને ભગવાનને હાંડી સહિતનો પ્રસાદ ધરવામાં આવ્યો હતો. મંદિર પરિસરમાં 'જય જગન્નાથ'નો નાદ ગુંજી ઉઠ્યો હતો બાદ બપોર બાદ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા હતા.

જૂનાગઢમાં અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની ૨૦ મી રથયાત્રા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નીકળી હતી. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી એમ ત્રણ રથોમાં બેસી શહેરના રાજમાર્ગો પર નગરચર્યાએ નીકળ્યા હતા. જગન્નાથજી નંદિઘોષ રથમાં,સુભદ્રાજી દેવી દલન રથમાં અને શ્રી બલદેવજી તાલધ્વજ નામના રથમાં બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળ્યા હતા, રથયાત્રા પૂર્વે નિજ મંદિરમાં પરંપરા અનુસાર સેવા પૂજા બાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ બાદમાં પહિંદવિધિ પણ કરવામાં આવી હતી જેમાં સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્ય સંજય કોરડીયા સહીત પદાધિકારીઓ તથા સંતો-મહંતો અને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા પહિંદવિધિ બાદ રથયાત્રાએ પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું અને બાદમાં શહેરના મુખ્યમાર્ગો પર રથયાત્રા નીકળી હતી. જગન્નાથજી મંદિરથી શરૂ થયેલી રથયાત્રા સેજના ઓટા, દિવાન ચોક, પંચહાટડી ચોક, આઝાદ ચોક, એમ.જી.રોડ, જવાહર રોડ થઈને પરત ફરી હતી, મોટી સંખ્યામાં ભાવિકોએ ભગવાન જગન્નાથજીની નગરચર્યાના દર્શનનો લ્હાવો લીધો હતો.

રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવેલ હતું. તદઉપરાંત રથયાત્રામાં જોડાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓને પુષ્પ અર્પણ કરી રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



રથયાત્રાના રૂટ ઉપર વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા ચા, સરબત, ઠંડા પાણી સહિતની વ્યવસ્થા કરવામાં આવેલ હતી અને યાત્રા દરમ્યાન જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવેલ હતો.

# સૂચિત જોષીપરા રેલ્વે ઓવરબ્રિજનાં પ્રોજેકટનો વેપારીઓ દ્વારા ભારે વિરોધ : મુખ્યમંત્રીને રજુઆત



જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં નવાબી સમયથી આવેલ સેન્ટ એન્સ ચર્ચ તેમજ રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ દુકાનદારો-વેપારીઓ-ધંધાર્થીઓ દ્વારા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખીને જૂનાગઢ શહેરમાં આકાર લેનાર સૂચિત જોષીપુરા રેલ્વે ક્રોસીંગ ઓવરબ્રીજની ડીઝાઈનમાં ફેરફાર કરવા માંગણી કરી છે. સેન્ટ એન્સ ચર્ચ, કીરીટ ફયુઅલ, હરખાણી ટ્રેડર્સ, સાગર ઓટો, પ્રિન્સ ઓટો, ભૂમિ ઈલેકટ્રીક, ગીતા લોજ, કિસાન ઈલેકટ્રીક એજન્સી, મીનરવા ટાયર, પુષ્પક ઓફસેટ, ગુરૂકૃપા દુગ્ધાલય, ડો.એન.એમ. લાખાણી, સોમનાથ હોટેલ સહિતના ૧૦૦ થી વધુ વેપારીઓ-ધંધાર્થીઓએ મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં એવી માંગણી કરી છે કે, જોષીપરા રેલ્વે ક્રોસિંગ ઉપર જૂનાગઢ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા ઓવરબ્રિજ બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અગાઉ પણ આ ઓવરબ્રિજ અંગે પ્રોજેકટ ડિઝાઈન તૈયાર થઈ હતી. પરંતુ લોકભોગ્ય વ્યવહારૂ ડીઝાઈન નહીં હોવાના કારણે કાર્યવાહી થઈ શકી નથી. વેપારીઓએ એવી રજુઆત કરી છે કે, હાલમાં જે ઓવરબ્રિજની ડીઝાઈન બહાર પાડવામાં આવેલ છે તેનાથી (૧) પંકજ બંગ્લોની જમીન (૨) એલસીબી ઓફિસની જમીન (૩) એસટી વર્કશોપની જમીન (૪) પી.ડબલ્યુની જમીનો ફ્રન્ટ લાઈન કપાતમાં જવાથી ૧૦૦ ટકા પ્રભાવિત થાય છે અને એન્ટ્રી માટે મુખ્ય રોડ મળશે નહીં. તેથી બાકી બચતી કરોડો રૂપિયાનાં કિંમતની હજારો મીટર જમીન ઓવરબ્રિજના કારણે ભવિષ્યમાં આ સરકારી પડતર જમીન ઉપર એક પણ પ્રોજેકટ થવા લાયક નહીં રહેવાથી ખંડેરમાં ફેરવાશે. જેની ગંભીર નોંધ લેવી જરૂરી છે. રેલ્વે ક્રોસિંગ બહાર પૂર્વ સાઈડની ડિઝાઈન પિલર્સ ઉપર ટોપ લેવલ પર સળંગ સીધી ૨૦૦ મીટર લંબાઈ વધારવામાં આવેલ છે તે માત્ર પ્રોજેકટ કોસ્ટ ઉંચી લાવવા સિવાય કોઈ હેતુ નથી. રેલ્વે હદની બહાર તેમાં રેલ્વે બોર્ડ પણ કોઈ વાંધો ન જ હોય. તે પિલર્સ ઉપરની લંબાઈને જો ઢાળમાં ફેરવવામાં આવે તો સીધો 'જે' આકારે પંકજ બંગલાની જમીન ઉપર લેન્ડ થઈ શકે. અથવા તો પંકજ બંગલાની પશ્ચિમ બેક સાઈડની બિન ઉપયોગી રેલવે લાઈન બાજુની જમીન ઉપર લેન્ડ કરવામાં આવે તો કોઈપણ પ્રકારની અડચણ વગર લેન્ડ થઈ શકે છે. સર્વિસ રોડ આવતો નહી હોવાથી જમીનની બચત થશે. અદ્યતન ટેકનોલોજીના યુગમાં બધું શકય છે. જેથી કોઈપણ પ્રકારની અડચણ વગત શહેરના હૃદય સમા મુખ્ય હેરીટેજ રોડ જે ગાંધીચોકથી મજેવડી ગેઈટ સુધી સરકારશ્રીએ હેરિટેજ રોડ જાહેર કરેલ છે. તેવા રોડનું અને શહેરની સુંદરતા જળવાઈ રહે તેમ છે. અને સૌથી ઓછા ખર્ચે અને ઓછા સમયમાં કોઈપણ પ્રકારના રોડ ડાયવર્ઝન કે મુખ્ય રોડની ટ્રાફિક અડચણ વગર શકય બને તેમ છે.

વધુમાં એવી રજુઆત કરી છે કે, આમ જનતાને મુખ્ય રોડ ઉપર નિયમો અનુસાર પુરતો સર્વિસ રોડ નહીં મળવાથી ફુટપાથ મળશે નહીં. ઐતિહાસીક નગરીના ભવિષ્યના સૌંદર્ય પ્રોજેકટ માટે વિકલ્પ રહેશે નહીં.

બસ સ્ટેશનથી તાલુકા પોલીસ ચોકી સુધીનો ૬ કિમી. લાંબો શહેરનો જીવાદોરી સમાન ફોર લેન્ડ રોડ છે આ રોડ ઉપર કયારેય પણ ટ્રાફીકની સમસ્યા થયેલ નથી. તેમજ શહેરના વ્યાપાર ધંધાઓ આ રોડ ઉપર જ આવેલ છે. મુખ્ય રેલ્વે સ્ટેશન-સકકરબાગ ઝુ-દોલતપરા-માર્કેટ યાર્ડ-જીઆઈડીસી ૧-૨-ભવાની એસ્ટેટ-ઈન્ડસ્ટ્રીયલ ઝોન આવેલા છે.શહેરમાં આવક જાવક માટે આ એક જ મુખ્ય માર્ગ છે અને શહેરના તમામ લોકો એસટી બસો અને વાહનચાલકો આ જ રોડનો ઉપયોગ કરે છે. તેથી ટ્રાફીકને અડચણ કોઈપણ પ્રોજેકટ મુકવો વ્યાજબી નથી. આ ઓવરબ્રિજની ડીઝાઈનથી આ રોડ પર આવેલ તમામ ધંધાર્થીઓ, હોટેલ, પેટ્રોલપંપ, હોસ્પિટલ, ધાર્મિક સ્થળોને ગંભીર અસર થશે. તેમને માત્ર સર્વિસ રોડ મળશે અને તેમની આવક-જજાવકની એન્ટ્રી છીનવાઈ જશે અને પોતાનો ધંધો બંધ કરવાની ફરજ પડશે. ત્યારે આ પ્રોજેકટ અંગે તાત્કાલીક યોગ્ય ઉકેલ લાવવા વેપારીઓએ માંગણી કરી છે.

## કોડીનારના છારા બંદરે દરિયા કાંઠેથી રૂા. ૬ કરોડની કિંમતનો ૧૨ કિલો ચરસનો બિનવારસી જથ્થો મળી આવતા ખળભળાટ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૮

ગુજરાતનો દરિયા કિનારો ડ્રગ્સ અને ચરસ નો પ્રવેશદ્વાર બનતો હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા બે મહિનાથી પહેલા કચ્છ પછી દ્વારકાને હવે ગીર સોમનાથમાં સતત ચરસના પેકેટો દરિયાકાંઠેથી બિનવારસી હાલતમાં મળે છે. ગઈકાલે રાત્રિના કોડીનાર તાલુકાના છારા ગામના દરિયાકાંઠેથી બિનવારસી ચરસના ૧૦ પેકેટ મળી આવતા એસ.ઓ.જી પોલીસે ચરસનાં પેકેટો કબજે કરીને સઘન તપાસ હાથ ધરી છે. ગઈકાલે સાંજના સમયે એક મોટા પેકેટમાં દરિયામાંથી તરતું આ પોટલું કાંઠે ચડી આવ્યું હતું દરિયાકાંઠે રહેતા માછીમારોના નાના બાળકોના ધ્યાને આવતા તેઓએ તેમના વાલીઓને વાત કરી હતી અને તેમના વાલીઓને જાણ કરી હતી આ સમગ્ર ઘટનાની બાતમીના આધારે એસઓજી પોલીસ એ.એસ.આઈ ઈબ્રાહિમ બનવા, હેડકોન્સ્ટેબલ ગોપાલસિંહ મોરી અને કોન્સ્ટેબલ મેહુલસિંહ પરમાર સ્થળ ઉપર પોહચી તપાસ પેકેટની ચકાસણી કરતા પ્રથમ દ્રષ્ટિએ આ શંકાસ્પદ ચરસનો જથ્થો માલૂમ પડતાં એસઓજી પીઆઇ ગઢવી અને પી.એસ.આઇ બાટવાને જાણ કરતા તેઓ રાત્રિના છારાના દરિયા કાંઠે દોડી આવી આ શંકાસ્પદ ચરસના જથ્થાનો કબ્જો લઈ જાણવા જોગ ફરિયાદ દાખલ કરી આ તમામ પેકેટ તેની ખરાઈ કરવા માટે એફ.એસ.એલ.ને જાણ કરવામાં આવી હતી. બાદ એફ.એસ.એલ.ના રિપોર્ટ મુજબ આ ૧૨ કિલો ૧૦ ગ્રામ ચરસ કે જેની આંતરરાષ્ટ્રીય કિંમત ૬ કરોડ ૫૦ હજાર એટલે કે એક કિલોના ૫૦ લાખ રૂપિયા અને આ ચરસ અફઘાની ચરસ હોવાનું જણાવ્યું હતું. જેના આધારે એસ.ઓ.જી પોલીસ દ્વારા આ બિનવારસી મળેલા ચરસમાં અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી આ ચરધૂનો જથ્થો ક્યાંથી આવ્યો ? કેમ આવ્યો ? કોના દ્વારા દરિયામાં ફેંકવામાં આવ્યો ? તે તમામ મુદ્દે તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા બે મહિના પહેલા કચ્છ પછી દ્વારકાને હજુ બે દિવસ પહેલા જ ગીર સોમનાથના દરિયાકાંઠે એક પેકેટ ડ્રગ્સનું મળી આવ્યું હતું. બાદ ફરીથી ગઈકાલે કોડીનાર તાલુકાના છારા ગામના દરિયાકાંઠેથી મોટું પોટલું બિન વારસી મળી આવતા જેની અંદરથી ૧૦ જેટલા પેકેટ ચરસ ના મળી આવતા આ તમામ જગ્યાએથી મળેલું ચરસ છે તે એક જ પ્રકારનું પેકેટ અફઘાન ચરસ નાજ મળી આવેલા છે.જેથી લોકોમાં શંકા કુશંકા અને કુતવલ સાથે અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે ગીર સોમનાથ જિલ્લાનો ફરતે વિશાળ દરિયાકાંઠો છે અને આ દરિયાકાંઠો દાણચોરોના સ્વર્ગ સમાન રેઢા પડ જેવો છે આ દરિયાકાંઠા વિસ્તારમાં દીવ થી વિદેશી દારૂની હોડીઓ મારફત મોટા પ્રમાણમાં હેરાફેરી થાય છે જેમાં કેટલોક માલ પકડાય છે જ્યારે મોટાભાગનો માલ સગે વાગે કરવામાં દારૂના ધંધાર્થીઓ સફળ થાય છે અને તેમનું લેન્ડિંગ કરવું તેવા ઘણા બધા લેન્ડિંગ પોઈન્ટ આવેલા છે રેઢાપડ સમાન આ દરિયાકાંઠે કેટલુંક ડ્રગ અને ચરસનો જથ્થો બિન વારસી મળી આવે છે. ત્યારે તંત્ર દ્વારા સઘન રીતે તપાસ હાથ ધરી અને આ દરિયાકાંઠામાં પૂરતા પ્રમાણમાં સિક્યુરિટી ગોઠવાઈ તેવું લોકો ઈચ્છે છે.

## જૂનાગઢના દોલતપરા નજીક બે બાઈક ટકરાતા ૧નું મોત

જૂનાગઢ તા.૮

જૂનાગઢના દોલતપરા નજીક દંપતિનું બાઈક ડબલ સવાર બાઈક સાથે અથડાતા એકનું મોત જયારે ૩ને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડાયા હતા. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અંજલીબેન જયદીપભાઈ સરમાળીએ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાના પતી સાથે બાઈક પર દોલતપરા નજીકથી પસાર થઈ રહયા હતા દરમ્યાન જાવીદભાઈ બ્લોચે પોતાના હવાલાવાળુ બાઈક બેફીકરાઈથી ચલાવી ફરીયાદીના પતિના બાઈક સાથે અથડાવી ફરીયાદીને તથા તેમના પતિને ઈજાઓ પહોંચાડેલ જયારે જાવીદભાઈ બ્લોચના પાછળ બેસેલ સૈયદભાઈને ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી. આ અકસ્માતમાં જાવીદ બ્લોચને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# જૂનાગઢ શહેરમાં મહોરમ નિમિત્તે વાએજ-શબીલ સહીતનં વિવિધ કાર્યક્રમોનું આયોજન

જૂનાગઢ તા. ૮

કરબલાનાં શહીદોની યાદમાં સમગ્ર વિશ્વમાં છેલ્લા ૧૪૦૦ વર્ષોથી મહોરમ મનાવવામાં આવે છે. અને શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. જૂનાગઢ શહેરમાં પણ મહોરમ નિમિત્તે સમગ્ર શહેરનાં વિવિધ વિસ્તારો ચિતાખાના ચોક, એમજી રોડ, વંથલી દરવાજા, જેલ રોડ, સુખનાથ ચોક, ભાટીયા ધર્મશાળા રોડ, ઝાલોરાપા રોડ, ઢાલ રોડ સહીતનાં વિસ્તારોમાં ઠેર ઠેર નયનરમ્ય કલાત્મક શબીલોનો આજથી જ પ્રારંભ થઈ ગયો છે. જેમાં દરરોજ સાંજે ન્યાઝ પ્રસાદ આપવાનાં આયોજનો થાય છે. તેમજ જૂનાગઢ શહેરમાં કરબલાનાં શહીદોને શ્રધ્ધાંજલી આપવા માટે વિવિધ વિસ્તારોમાં વાએઝ મઝલીસોનું આયોજન પણ થયું છે. જેમાં નવા ઘાંચીવાડામાં ઝીક્રે-શોરદાએ કરબલા થશે. મહોરમની પહેલી તારીખથી દસ તારીખ સુધી રાત્રીનાં ૧૦.૩૦ કલાકે મોલાના સૈયદ ગુલામહુસેન કાદરી ખીતાબ ફરમાવશે તેમ હુસેની કમીટી નવી ઘાંચાવાડાની યાદીમાં જણાવાયું છે. તદ ઉપરાંત નાથીબુ શાહીબા મસ્જીદ હુસેની ચોક ખાતે પણ દરરોજ રાત્રે વાએઝનો કાર્યક્રમ યોજાશે. શહેરની વિવિધ મસ્જીદોમાં પણ વાએઝનાં કાર્યક્રમો શરૂ થઈ ગયા છે.

## સાંતલપુર ગામે બાઈક ધીમે ચલાવવાનું કહેતા મારમાર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

વંથલી તાલુકાના સાંતલપુર ગામે બાઈક ધીમે ચલાવવાનું કહેતા ઉશ્કેરાઈ જઈ વૃધ્ધને મારમાર્યાની ફરીયાદ વંથલી પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે વંથલી પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ સ્ટેશને દાનાભાઈ ઉકાભાઈ વાણવીએ ફરીયાદમાં આરોપી તરીકે મહેશ ઉર્ફે બાવ રતીલાલ પરમારનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે, ફરીયાદી બાઈકને આરોપીની બાઈકની ઠોકર લાગતા આરોપીને બાઈક ધીમે ચલાવવાનું કહેતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ લાડકડાના પાટીયા વડે મારમારી પોલીસ ફરીયાદ કરીશ તો હજુ મારી તેમ કહી ફરીવાર ફરીયાદીના ઘરે જઈ ઉંધી કોદાળી વડે મારમાર્યાની ફરીયાદ નોંધાવતા વંથલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢના શાંતેશ્વર રોડ નજીક વીજશોક લાગતા યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૮

જૂનાગઢના શાંતેશ્વર રોડ નજીક ટયુશન કલાસનું બોર્ડ લગાવતી વખતે ચાલુ ઈલેકટ્રીક લાઈનને હાથ સ્પર્શી જતા વીજશોક લાગતા યુવકનું મોત નિપજયું હતું.

આ અંગે બી ડીવીજન પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ધીરજલાલ કરશનલાલ ચાવડાએ જાહેર કરેલ કે મૃતક પરેશભાઈ (ઉ.વ.૩૮) શાંતેશ્વર રોડ ઉપર ટયુશન કલાસનું બોર્ડ અગાસી પર લગાવતા હતા હાથ ચાલુ ઈલેકટ્રીક લાઈનને હાથ અડી જતા બંને હાથમાં ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા બી ડીવીજન પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી.

## મહોરમ નિમિત્તે પરમીટની કાર્યવાહી અંગે કોમી એકતા સમીતીનો સંપર્ક સાધવો

જૂનાગઢ તા.૮


જૂનાગઢ શહેર જીલ્લામાં આજથી મોહરમની પરંપરાગત ઉજવણી શરૂ થઈ ગઈ છે. મહોરમનાં પ્રથમ ૧૦ દિવસ દરમ્યાન સમગ્ર શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. તે અંતર્ગત છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન વિવિધ વિસ્તારમાં મહોર્રમ તાજીયા અલમનાં ઝુલુસ નીકળે છે.જેની પરવાનગી મેળવવાની રહેશે. આ પરવાનગી મેળવવાની કાર્યવાહી અગાઉથી કરવાની હોય જે તે તાજીયા કમીટીનાં સભ્યોએ પરમીટ મેળવવા માટે રૂબરૂ અથવા તેમનાં પ્રતિનિધિ મારફત મંજૂરી મેળવવા માટે મહોરમ એકતા સમિતિ દ્વારા પ્રકિયા કરાતી હોઈ જે માટે તા.૮-૭-૨૪થી તા.૧૧-૭-૨૪ દરમ્યાન સાંજે ૬ થી ૮ સુધી સેજનાં ઓટા પાસે જૂનાગઢ ખાતે સંપર્ક કરવો.

વધુ માહિતી માટે મહોરમ એકતા સમિતીના બટુકભાઈ મકવાણા મો.૯૪૨૮૩ ૭૫૭૪૭, વહાબ ભાઈ કુરેશી મો.૯૮૨૪૨ ૯૩૭૩૦, જિશાન હાલેપોત્રા મો.૮૮૬૬૧ ૫૨૮૫૩, મુન્નાબાપુ દાતારવાળા મો.૯૮૯૮૬ ૪૩૮૨૭, કાસમભાઈ જુણેજા મો.૯૮૭૯૬ ૪૮૫૬૨, સોહેલ એ.સિદીકી મો.૯૪૨૭૯૭ ૪૯૮૫નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢ સહીત સોરઠમાં વરસાદના બીજા રાઉન્ડનો પ્રારંભ

જૂનાગઢ તા. ૮ : જૂનાગઢ સહીત સોરઠમાં પ્રથમ રાઉન્ડમાં સારો એવો વરસાદ વરસી જતા ખેડૂતોમાં ખુશાલી પ્રસરી જવા પામી હતી. ત્યારબાદ ત્રણ-ચાર દિવસ વરાપ નીકળતાં ખેડૂતોએ તેમનું વાવણી કામ પુરજોશમાં ચાલુ કરી દીધું હતું. ત્યારે આજ સવારથી જૂનાગઢ સહીત સોરઠભરમાં ઝરમર વરસાદ ચાલુ હોવાનાં સમાચાર મળે છે. ખેડૂતોની નજર આકાશ તરફ મંડાયેલી છે કારણ કે હાલ ખેતરમાં વાવણી થઈ જવાથી વરસાદની તાતી જરૂર છે.

## ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવને દિવ્ય શણગાર કરાયો



(પ્રતિનિધિ દ્વારા) સાળંગપુર તા.૮ : વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અષાઢી બીજ નિમિતે તા.૭-૭-૨૦૨૪ને રવિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય વાઘાનો શણગાર કરી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે શ્રી કષ્ટભંનજન દેવને રથયાત્રાના દિવ્ય શણગાર કરવામાં આવેલ એવં સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી શ્રી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. તેમજ સવારે ૫:૪૫ કલાકે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને જાંબુડાનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

